RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 254* Date: 11.07.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કાનપુર એન્કાઉન્ટરઃ આઠ પોલીસની હત્યા કરનાર વિકાસનો આઠમા દિવસે જ ખાત્મો

# પ્રિ-પ્લાનિંગ..? ગેંગસ્ટર વિકાસ દુબે પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

**કાનપુર ટોલ નાકાથી ૨૫ કિમી દુર વિકાસ દુબેને લઈ આવતી કાર ઉંધી વળતા વિકાસ દુબેએ હથીયાર છીનવી ભાગવાનો પ્રયાસ કર્યો, તેને સરેન્ડરની તક આપી પણ તેણે ફાયરીંગ કરતા વળતા ગોળીબારમાં તે મોતને ભેટયો**



*કાનપુર,તા.૧૦*

ઉત્તરપ્રદેશના રાજકારણમાં ભારે વગ ધરાવનાર અને તાજેતરમાં કાનપુરમાં આઠ પોલીસકર્મીઓની નિર્દયતાથી હત્યા કરનાર ગેંગસ્ટર અને હાઈપ્રોફાઈલ ગુનેગાર વિકાસ દુબેને આજે શુક્રવારે સવારે પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર કરવામાં આવ્યો હતો. વિકાસ દુબેને ગઈકાલે સવારે મધ્યપ્રદેશમાં ઉજ્જૈનના જાણીતા મહાકાલ મંદિરમાંથી ઝડપી લીધા બાદ તેને ટ્રાન્ઝીસ્ટ રિમાન્ડ પર ઉજ્જૈનથી કાનપુર લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે આજે વહેલી સવારે યુપી એસટીએફના કાફલાની ગાડી કાનપુર નજીક વરસાદમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. જે ગાડીમાં ગેંગસ્ટરને બેસાડવામાં આવ્યો હતો તે એકાએક પલટી ખાઇ ગઇ હતી અને તેનો લાભ લઈને તેણે ભાગવાનો પ્રયાસ કર્યો, પોલીસની પિસ્તેલ ઝૂંટવીને ગોળીબારો કર્યા પરંતુ તરત જ પોલીસના વળતા ગોળીબારમાં તે ઠાર મરાયો હતો. અકસ્માત બાદ પોલીસ અને વિકાસ દુબે વચ્ચે થયેલી અથડામણમાં સિવિલ પોલીસના ચાર કર્મચારી ઘાયલ થયા હતા જે પૈકીના ત્રણ સબ ઈન્સપેક્ટર છે અને એક કોન્સ્ટેબલ છે. તે સિવાય એસટીએફના બે કમાન્ડોને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. એન્કાઉન્ટર કાનપુરથી માત્ર ૧૭ કિમી દૂર ભૌતી નામની જગ્યાએ થયું છે. તે સાથે યુપીના રાજકારણમાં જેને લઈને તરેહ તરેહની ચર્ચાઓ-આક્ષેપો અને કેટલાક નેતાઓ સાથેના રાજકિય સંબંધોના આરોપો વગેરેની આરોપ-પ્રત્યારોપની કહાની પણ તેની સાથે જ પૂરી થઇ ગઇ હોવાનુ ચર્ચાઇ રહ્યું છે. આ સાથે જ યુપીમાં એક હાઈપ્રોફાઈલ કેસ-ડ્રામા અને રાજકિય સંબંધો ધરાવનાર ગેંગસ્ટરની કથાનો પણ અંત આવી ગયો હતો. ગેંગસ્ટરના એન્કાઉન્ટરને લઇને પોલીસ અને યોગી સરકાર પર રાજકિય આક્ષેપો પણ શરૂ થઇ ગયા છે. કોંગ્રેસે એવો સવાલ કર્યો કે ગુંડાનો અંત આવ્યો પણ તેના આકાઓનું શું, તેનો જવાબ યોગી સરકાર અને ભાજપે આપવો જોઈએ.સપાના નેતા અખિલેશ યાદવે પણ એન્કાઉન્ટરને લઈને સવાલો કર્યા હતા. નવી જાણકારી સામે આવી છે કે મીડિયાની ગાડીઓ સતત STF નાં કાફલા પાછળ ચાલી રહી હતી પરંતુ વિકાસ દુબેનાં એન્કાઉન્ટરનાં ઘટનાસ્થળથી ૨૦ કિલોમીટર પહેલાં જ મીડિયાની ગાડીઓ રોકી દેવામાં આવી હતી.

કાનપુરના LLR હોસ્પિટલના ડોક્ટર આરબી કમલે જણાવ્યું કે, ઘાયલ ત્રણ પોલીસકર્મીઓની હાલત સ્થિર છે.અને વિકાસ દુબેને ત્રણ ગોળી છાતીના ભાગમાં અને એક ખભાના ભાગે વાગી હતી.

આ અંગેની વિગત એવી છે કે, ગુરુવારે સવારે જ મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાંથી પોલીસ વિકાસની ધરપકડ કરી હતી. વિકાસ સાત દિવસથી ફરાર હતો. ત્યાબાદ મધ્ય પ્રદેશની પોલીસે વિકાસ દુબેને ઉજ્જૈનની કોર્ટમાં રજૂ કરીને સાંજે યુપી એસટીએફને સોંપી દીધો હતો. અને તેને લઇને યુપીની પોલીસ કાનપુર જઇ રહી હતી.

તે દરમ્યાન, રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે ગાડીમાં ડ્રાઈવર સિવાય ત્રણ STFના જવાન પણ હતા. ઘટના સમયે કાનપુરમાં ભૌતી વિસ્તારમાં વરસાદ થઈ રહ્યો હતો. વરસાદ સામાન્ય જ હતો પરંતુ સાંકડા રસ્તાના કારણે ત્યાં કીચડ થઈ ગયો હતો અને તેના કારણે ગાડી પલટી ગઇ હતી.

વિકાસ પાછળની સીટમાં વચ્ચે બેઠો હતો. બંને બાજુ જીલ્લાના જવાન બેઠા હતા. ગાડી પલટી ખાતા વિકાસે ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. તેણે એક પોલીસ કર્મીની ૯ mm પિસ્તોલ લઈને ભાગ્યો હતો. પાછા વળીને ગોળી પણ ચલાવી હતી. STFની જવાબી કાર્યવાહીમાં એક ગોળી એની કમરમાં વાગી અને બીજી છાતીમાં વાગી હતી. જો કે તે વખતે તેને હાથકડી પહેરાવવામાં આવી હતી કે કેમ તે હજુ પોલીસ તરફથી કહેવામાં આવ્યું નથી.

ગેંગસ્ટરને છાતીમાં ૩ ગોળી વાગી હોવાનું બહાર આવ્યું છે. બિકરુ હત્યાકાંડના મુખ્ય આરોપી ગેંગસ્ટર દુબેનું શુક્રવારે સવારે કાનપુર STF સાથે એન્કાઉન્ટરમાં મોત થયું છે. આ એન્કાઉન્ટર કાનપુરથી માત્ર ૧૭ કિમી દૂર ભૌતી નામની જગ્યાએ થયું હતું. કાનપુરમાં આ એન્કાઉન્ટર સવારે ૬.૧૫થી ૬.૩૦ની વચ્ચે થયું હતું.રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે, STFના બે જવાન પણ ઘાયલ થયા છે. માનવામાં આવે છે કે વિકાસ દુબેને હેલેટ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો ત્યાં સુધી તે જીવતો હતો પરંતુ તેની સ્થિતિ ખૂબ ગંભીર હતી. થોડી વારમાં જ હોસ્પિટલમાં તેનું મોત થયું હતું. ઘટના સમયે પણ વિકાસે બ્લૂ લાઈનિંગ વાળી ટી-શર્ટ પહેરી હતી, જે તેણે ગુરુવારે ઉજ્જૈનમાં ધરપકડ વખતે પહેરી હતી.

### દેશમાં કોરોનાના કુલ કેસ આઠ લાખની નજીક

# કોરોના વિસ્ફોટઃ ૨૪ કલાકમાં ૨૬ હજાર નવા કેસ,૪૭૫ના મોત

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોના વાઈરસરૂપી ગાડી જાણે કે અટકવાનું કે ધીમી પડવાનું નામ ન લેતી હોય તે રોજેરોજ કેસોમાં નવા નવા રેકોર્ડ નોંધાઇ રહ્યાં હોય ચેમ ગઇકાલે ગુરૂવારે સમગ્ર દેશમાંઅત્યારસુધીમાં સૌથી વધારે ૨૬ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા.અનલોક-૨ના ૯મા દિવસે આ એક જ દિવસમાં જંગી વધારો સત્તાવાળાઓ માટે ચિંતા ઉપજાવે તેમ છે. આજે શુક્રવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં કુલ ૨૬,૫૦૬ કેસો નોંધાયા હતા અને આ જ સમય ગાળામા વધુ ૪૭૫ લોકોના મોત થયા હતા. તે સાથે કેસોની સંખ્યા વધીને ૭,૯૫,૭૨૯ થઇ છે. જ્યારે સારવાર હેઠળના કેસોની સંખ્યા વધીને ૨,૭૭, ૯૪૨ અને. સાજા થયેલી સંખ્યા તેના કરતાં વધારે, ૪,૯૬,૦૪૮ થઇ છે. તો આ તરફ દેશમાં અત્યાર સુધી ૪૩% મોત એવા દર્દીઓના થયા છે જેમની ઉંમર ૩૦ થી ૫૯ વર્ષની વચ્ચે હતી. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, ૩૦થી ૪૪ વર્ષની ઉંમરના ૧૧% દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ ચાઈનીઝ બિમારીએ સૌથી વધુ ૬૦ વર્ષની ઉંમરના લોકોને અસર કરી છે.. આવા ૫૩% દર્દી છે. અત્યાર સુધી દેશમાં ૨૧ હજાર ૬૨૩ લોકોના મોત થયા છે. સંક્રમણને રોકવા ઉત્તરપ્રદેશમાં ૧૦ જુલાઈની રાતે ૧૦ વાગ્યાથી ૧૩ જુલાઈની સવારે ૫ વાગ્યા સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શુક્રવારે કોરોનાના આંકડા જાહેર કર્યા હતા. જેના જણાવ્યાં પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૨૬ હજાર ૫૦૬ કેસ સામે આવ્યા હતા. સાથે જ ૪૭૫ લોકોના મોત થયા હતા. દરમ્યાન, મહારાષ્ટ્રના જેલ વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધી ૫૯૬ કેદી અને ૧૬૭ જેલ કર્મચારી પોઝિટિવ મળી આવ્યા છે. સૌથી વધુ સંક્રમણના કેસ નાગપુર કેન્દ્રીય જેલમાં સામે આવ્યા છે. અહીંયા ૨૧૯ અને ૫૭ સ્ટાફકર્મી સંક્રમિત થયા છે.સૂત્રોએ કહ્યું કે, અમેરિકામાં અને બ્રાઝીલ બાદ ભારતમાં પ્રત્યેક દિવસે સૌથી વધારે કેસ સામે આવી રહ્યા છે. આજે દેશમાં ૨૪ કલાકમાં ૨૬ હજારથી વધારે કેસ નોંધાયા છે. દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની કુલ સંખ્યા આઠ લાખને નજીક પહોંચી ગઈ છે.

આંકડા મુજબ, દેશમાં હાલ ૨,૭૬,૦૦૦ એક્ટિવ કેસ છે. જેમાં સૌથી વધારે એક્ટિવ કેસ મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રમાં ૯૩ હજારથી વધારે દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ત્યારબાદ બીજા નંબરે તમિલનાડુ, ત્રીજા નંબર પર દિલ્હી, ચોથા નંબર પર ગુજરાત અને પાંચમાં નંબર પર પશ્ચિમ બંગાળ છે.

# લદ્દાખના પેંગોંગ લેક વિસ્તારમાંથી પણ ચીની સેના પાછળ હટી

*લેહ,તા.૧૦*

ચીન અને ભારત વચ્ચે થયેલી સમજૂતિ બાદ લદ્દાખ મોરચે તનાવ ઓછો થવાના ભણકારા વાગી રહ્યા છે. હવે ચીની સેનાએ પેંગોંગ લેક વિસ્તારમાંથી પણ પોતાના સાધન સરંજામ સાથે જવાનોને પાછા હટાવવાનુ શરુ કર્યુ છે.પેંગોંગ લેકના ફિંગર ચાર વિસ્તારમાંથી ચીની સેનાના જવાનો પોતાની બોટ, ગાડીઓ અને બુલડોઝરો હટાવી લીધી છે અને સૈનિકો પણ પાછળ જતા રહ્યા છે.

આ પહેલા ચીની સેના પહેલા ગલવાન ખીણમાં પેટ્રોલિંગ પોઈન્ટ ૧૪થી પાછળ હટી હતી.આ એજ જગ્યાએ છે જ્યાં બંને સેનાના જવાનો વચ્ચે લોહિયાળ અથડામણ થઈ હતી.એ પછી પોઈન્ટ ૧૫ અને ૧૭ એ પરથી પણ ચીનના સૈનિકો પાછા હટ્યા હતા.હવે પેંગોંગ લેક વિસ્તારમાંથી પણ ચીનની પાછા જવાની ખબર છે.

પેંગોંગ લેકના ફિંગર ચાર થી આઠ સુધીના વિસ્તારમાં ચીની સેનાએ કબજો જમાવી લીધા બાદ ભારતના સૈનિકોને પેટ્રોલિંગ માટે આગળ જવા દેવાનો ચીનના સૈનિકોએ ઈનકાર કરી દીધો હતો.આ જ જગ્યાએથી ભારત અને ચીન વચ્ચેના તનાવની શરુઆત થઈ હતી.

સૂત્રોનુ કહેવુ છે કે, ફિંગર ચાર અને આસપાસનો વિસ્તાર કેટલાક સમય માટેનો પેટ્રોલિંગ ઝોન રહેશે. બંને દેશની સેનાઓ વચ્ચે એક બફર ઝોન બનાવવામાં આવી રહ્યો છે.

### વડાપ્રધાનએ એશિયાના સૌથી મોટા સોલર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

# ભારત વૈશ્વિક ક્ષેત્રે વૈકલ્પિક ઉર્જાનું સૌથી આકર્ષક બજાર છેઃ મોદી

**આત્મનિર્ભર ભારત માટે વિજળીની આત્મનિર્ભરતા જરૂરી, રીવા સોલાર પ્લાન્ટથી એમપી ઉપરાંત દિલ્હી મેટ્રોને પણ વીજ પુરવઠો મળશે**

ન્યુ દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મધ્યપ્રદેશના રિવા સ્થિત સૌથી મોટા સૌર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે. આ એશિયાનો સૌથી મોટો પ્લાન્ટ છે, જેની મોદીએ વીડિયો કોન્ફરન્સિંગથી શરૂઆત કરી છે. મોદીએ તેમના સંબોધનમાં કહ્યું આજે રીવાએ ઈતિહાસ રચ્યો છે. રીવાનો સોલર પ્લાન્ટ આ સમગ્ર ક્ષેત્રને ઉર્જાનું કેન્દ્ર બનાવશે. તેનાથી એમપીના લોકોને પણ લાભ થશે અને દિલ્હીમાં મેટ્રોને પણ વીજળી મળશે.વડાપ્રધાન મોદીએ કહ્યું હવે રીવાવાળા કહેશે કે દિલ્હીની મેટ્રો અમારું રીવા ચલાવે છે. તેનો લાભ મધ્યપ્રદેશના ગરીબ, મધ્યમ વર્ગીય લોકો, ખેડૂતો અને આદિવાસીઓને થશે. આજે ભારત સૌર ઉર્જાના મામલામાં ટોપના દેશોમાં સામેલ છે. પીએમએ કહ્યું કે વીજળીની જરૂરિયાતના હિસાબથી સૌર ઉર્જા મહત્વની છે. સરકાર તેને પ્રોત્સાહન આપી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આત્મનિર્ભરના વિષયમાં ઈકોનોમિ એક જરૂરી પક્ષ છે. વર્ષોથી એ બાબતે મંથન ચાલુ છે કે અર્થવ્યવસ્થાનું વિચારવામાં આવે કે પર્યાવરણનું, જોકે ભારતે બતાવ્યું છે કે બંનેને એક સાથે કરી શકાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કોરોના સંકટ દરમિયાન ખેડૂતોએ રેકોર્ડ ઉત્પાદન કર્યું છે અને સરકારે તેને ખરીદી છે. થોડા સમયમાં મધ્યપ્રદેશના ખેડૂતો વીજળી પેદા કરવાનો રેકોર્ડ પણ તોડશે. હવે આપણે દેશમાં જ સોલર પ્લાન્ટ્સ સાથે જોડાયેલો સામાન પણ બનાવીશું. આત્મનિર્ભર ભારત અંતર્ગત આયાત પરની નિર્ભરતા ઓછી કરવામાં આવશે અને અહીં જ તેનું ઉત્પાદન કરવા પર ભાર મૂકાશે. હવે સરકારનો કોઈ પણ વિભાગ જો કોઈ સોલર પ્લાન્ટ સાથે જોડાયેલો સામાન લે છે તો તેઓ મેક ઈન્ડિયાનો જ સામાન ખરીદશે.

સંબોધનમાં મોદીએ કહ્યું અમારી સરકારના સમયમાં સ્વચ્છ ભારત, એલપીજી આપવું, એલઈડી આપવું, સૌર ઉર્જા સહિત ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે. પીએમએ કહ્યું કે છેલ્લા ૬ વર્ષમાં સરકારે ૩૬ કરોડ એલઈડી બલ્બ વહેંચયા છે, ૧ કરોડથી વધુ બલ્બ સ્ટ્રીટ લાઈટમાં લગાવવામાં આવ્યા છે. અમારી સરકારે એલઈડીની કિંમતને દસ ગણ ઘટાડી દીધી છે. પીએમએ કહ્યું કે તેનાથી ૬૦૦ અબજ યુનિટ વીજળીની બચત થઈ રહી છે, દર વર્ષે લોકોને વીજળીનું બિલ ઓછું આવી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું ૨૦૧૪ પહેલા સોલર પાવરની કિંમત વધુ હતું, જોકે હવે કિંમત ઘણી ઘટી ગઈ છે. ભારત હવે ક્લીન એનર્જીનું સૌથી શાનદાર માર્કેટ બની ગયું છે. આ ક્ષેત્રમાં હવે ભારત મોડલ બની ચૂક્યું છે. હવે એક સામાન્ય માણસના ઘરની છતથી લઈને બગીચા સુધી વીજળીનું સર્જન થઈ રહ્યું છે. તેની સાથે જ અન્નદાતાને ઉર્જાદાતા બનાવાઈ રહ્યાં છે. જે જમીન પર ખેડૂતોને પાક લેવામાં મુશ્કેલી થતી હતી ત્યાં તેઓ હવે પ્લાન્ટ લગાવી રહ્યાં છે.

# પીએમ કેર્સનાના પૈસા એનડીઆરએફમાં ટ્રાન્સફર કરવા અયોગ્યઃ સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાયદા અંતર્ગત કોઈ કાયદાકીય ફંડની ઉપસ્થિતિ માત્રથી સ્વૈચ્છિક દાનવાળા બીજા ફંડ ખોલવા ગેરકાયદેસર ન બની શકે**

ન્યુ દિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટમાં પીએમ કેર્સ ફંડ નિર્માણનો બચાવ કરતા કેન્દ્ર સરકારે જણાવ્યું કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાયદા અંતર્ગત કોઈ કાયદાકીય ફંડની ઉપસ્થિતિ માત્રથી સ્વૈચ્છિક દાનવાળા બીજા ફંડ ખોલવા ગેરકાયદેસર ન બની શકે. આ ઉપરાંત પીએમ કેર્સ ફંડમાં જમા ધનરાશિને એનડીઆરએફમાં ટ્રાન્સફર કરી દેવી જોઈએ આ સૂચનનો પણ કેન્દ્ર દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ એમઆર શાહની બેન્ચે એનજીઓ સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન દ્વારા આ મામલે જે અરજી દાખલ કરાયેલી તેની સુનાવણી કરી હતી. પીઠે કેન્દ્રનું સોગંદનામુ રેકોર્ડ પર રાખ્યું હતું અને સોલિસિટર જનરલ તુષાર મેહતાને તેની કોપી એનજીઓ તરફથી લડી રહેલા વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવીને આપવા નિર્દેશ આપ્યો હતો.

સીપીઆઈએલએ અરજીના માધ્યમથી સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે તે એનડીઆરએફમાં જમા ધનનો ઉપયોગ પ્રવાસી મજૂરોની સહાય માટે કરવા કેન્દ્ર સરકારને આદેશ આપે. સાથે જ વ્યક્તિઓ કે સંસ્થાઓ તમામ પ્રકારના દાન પીએમ કેર્સ ફંડમાં નહીં પણ એનડીઆરએફમાં જમા કરાવે તેવો આગ્રહ કર્યો હતો.

કેન્દ્ર સરકારે આ મામલે પોતાના સોગંદનામામાં જણાવ્યું કે, 'વિવિધ પ્રકારના રાહત કાર્યો માટે અનેક ફંડ પહેલા સ્થપાયા હતા અથવા તો હાલ સ્થાપિત થયા છે. પીએમ કેર્સ ફંડ પણ આવું જ એક ફંડ છે જેમાં સ્વૈચ્છિક યોગદાન આપવામાં આવે છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાયદાની કલમ ૪૬ અંતર્ગત એનડીઆરએફ નામનું એક ફંડ છે. પરંતુ કોઈ કાયદાકીય ફંડની ઉપસ્થિતિમાં સ્વૈચ્છિક દાનની સુવિધા ઉપલબ્ધ કરાવતું હોય તેવું પીએમ કેર્સ ફંડ જેવું બીજું ફંડ બનાવવામાં કોઈ સમસ્યા નથી.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૮૭૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૦૧૫૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૪૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૮૧૮૩**

## તંત્રી સ્થાનેથી...

# વિકાસ દુબેનું સત્ય દબાયેલું જ રહેશે

ઉત્તર પ્રદેશના કાનપુરમાં આઠ પોલીસ કર્મચારીઓની મૂઠભેડમાં થયેલી હત્યાના આરોપી વિકાસ દુબેનું શુક્રવારે સવારે મોત નીપજ્યું હતું.ઉત્તર પ્રદેશ પોલીસના જણાવ્યા અનુસાર સ્પેશિયલ ટાસ્ક ફોર્સની એક ટુકડી વિકાસ દુબે સાથે મધ્યપ્રદેશથી કાનપુર પરત ફરી રહી હતી ત્યારે કાફલાની એક ગાડી પલટી ગઈ હતી, ત્યારબાદ વિકાસ દુબેએ ભાગવાનો પ્રયાસ કર્યો અને પોલીસની કાર્યવાહીમાં આરોપીનું મોત નીપજ્યું.આના એક દિવસ પહેલાં જ વિકાસ દુબેની ખૂબ જ નાટકીય રીતે મધ્યપ્રદેશના ઉજ્જૈનથી ધરપકડ કરવામાં આવી હતી. કાનપુરમાં ગોળીબારની ઘટનાના સાત દિવસ બાદ પોલીસે વિકાસ દુબેની ધરપકડ કરી હતી.ઉજ્જૈનનાં સત્તાવાર સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, વિકાસ દુબેએ ગુરુવારે સવારે મહાકાળેશ્વર મંદિર પહોંચીને ૨૫૦ રૂપિયાની વીઆઈપી ટિકિટ લીધી હતી.કાપલીમાં ફક્ત વિકાસ દુબે લખેલું હતું. વિકાસ પાસે એક બૅગ હતી. તે મંદિરની સામે એક પ્રસાદની દુકાન પર ગયો. વિકાસ તેની બૅગ ક્યાંક રાખવા માંગતો હતો. વિકાસે એક વ્યક્તિને બૅગ કયાં મૂકવી તે વિશે પણ પૂછ્યું હતું.ત્યારબાદ વિકાસ મંદિરમાં દર્શન કરવા અંદર પહોંચ્યો. આ દરમિયાન સિક્યૉરિટી ગાર્ડને શંકા ગઈ હતી એટલે પોલીસને પણ જાણ કરવામાં આવી.વિકાસ દુબે બહાર આવ્યો ત્યારે પોલીસ આવી ગઈ હતી અને તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.વિકાસના બે સહયોગી બિટ્ટુ અને સુરેશની પણ ધરપકડ કરવામાં આવી છે, પરંતુ તેમના વિશે હજી વધુ માહિતી નથી આપવામાં આવી.એક પોલીસ અધિકારીનો દાવો છે કે ઉજ્જૈન મહાકાલ મંદિરની મુલાકાત લેવા આવવાનું કારણ એ જ હતું કે વિકાસ પોલીસ સાથેના ઍન્કાઉન્ટરને ટાળવા માગતો હતો.તે જ સમયે, તે પણ જાણવા મળ્યું કે તે મંદિરના સંકુલમાં સવારે ઘણા સમયથી ફરતો હતો.

પોલીસે જ્યારે તેની ધરપકડ કરી, ત્યારે તે બૂમ પાડી રહ્યો હતો કે, હું વિકાસ દુબે છું, કાનપુરવાળો.ધરપકડ બાદ વિકાસ દુબેને મહાકાલ પોલીસસ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.આ દરમિયાન વિકાસે મીડિયા સાથે વાત કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. ત્યાં વિકાસે ફરી ચીસો પાડી કે તે 'વિકાસ દુબે છે, કાનપુરવાળો' ત્યારે પોલીસે તેને ચૂપ કરી દીધો હતો.પોલીસ વિકાસને પોલીસસ્ટેશન લઈ ગઈ અને લાંબા સમય સુધી પૂછપરછ કરી. એવું કહેવામાં આવે છે કે પોલીસ સંપૂર્ણ ખાતરી કરવા માગતી હતી કે જે પકડાયો છે તે વિકાસ દુબે જ છે કે કેમ.જે વ્યક્તિની પાછળ ઘણાં રાજ્યોની પોલીસ છેલ્લા એક અઠવાડિયાથી મહેનત કરી રહી છે, તે આટલી સરળતાથી ધરપકડ કેવી રીતે વહોરી શકે. તેથી તેની સખત પૂછપરછ કરવામાં આવી હતી.આ પછી મધ્ય પ્રદેશના ગૃહ પ્રધાન નરોત્તમ મિશ્રાએ પણ નિવેદન આપ્યું હતું કે વિકાસ દુબેની ધરપકડ કરવામાં આવી છે.જોકે ધરપકડ કયા સંજોગોમાં થઈ અને પોલીસને માહિતી કેવી રીતે મળી તે અંગ તેમણે જણાવ્યું નહોતું.

નરોત્તમ મિશ્રાએ ભોપાલમાં કહ્યું હતુ કે, હવે તે પોલીસની કસ્ટડીમાં છે. ધરપકડ કેવી રીતે થઈ તે વિશે કંઈ કહેવું યોગ્ય નથી. તે શરૂઆતથી ક્રૂરતાની હદ પાર કરી રહ્યો હતો.જ્યાં સુધી ઈન્ટેલિજન્સની વાત છે, તે માટે હાલ કંઈ કહેવું યોગ્ય નથી. ગોળીબારની ઘટના બાદથી રાજ્ય પોલીસ સંપૂર્ણ ઍલર્ટ પર હતી.મુખ્ય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ ટ્વિટ કરીને વિકાસ દુબેની ધરપકડ અંગેની વાત કરી હતી.પોલીસસૂત્રો પાસેથી એવી પણ જાણકારી મળી છે કે ઉજ્જૈન પોલીસ વિકાસ દુબેને કોઈ અજાણ્યા સ્થળે લઈ ગઈ હતી.એવો આરોપ છે કે વિકાસ દુબેએ ૨ જુલાઈએ કાનપુરના બિકરુ ગામમાં ધરપકડ કરવા ગયેલી પોલીસ ટીમ પર હુમલો કર્યો હતો.

પોલીસની ટીમ પર કરાયેલા ફાયરિંગમાં ૮ પોલીસ જવાનના મૃત્યુ થયા હતા. આ પછી, વિકાસ પર ઈનામની રકમ સતત વધી રહી હતી. ઈનામની રકમ વધીને પાંચ લાખ રૂપિયા થઈ ગઈ હતી.ધરપકડની સાથે મધ્ય પ્રદેશમાં પણ રાજકારણ ગરમાયું હતું. મધ્ય પ્રદેશની રાજ્ય સરકાર તેને પોતાની સફળતા ગણાવી હતી. ત્યારે કૉંગ્રેસ આ મામલે સરકારને ઘેરી રહી હતી અને તેમની નિષ્ફળતા ગણાવતી હતી.મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે જે લોકોને લાગે છે કે મહાકાલના આશ્રયમાં જઈને તેમના પાપ ધોવાઈ જશે, તો તેઓ મહાકાલને ઓળખતા નથી. અમારી સરકાર કોઈ ગુનેગારને છોડશે નહીં.પૂર્વ મુખ્ય મંત્રી દિગ્વિજયસિંહે ટ્વીટ કર્યું, આ તો પોલીસ ઍન્કાઉન્ટરને ટાળવા માટેની પૂર્વાયોજિત શરણાગતિ જેવું લાગે છે. મારી જાણ મુજબ એ મધ્ય પ્રદેશના ભાજપના વરિષ્ઠ નેતાના સૌજન્યથી આ શક્ય બન્યું છે. જય મહાકાલ.કાનપુર મૂઠભેડના મુખ્ય આરોપી વિકાસ દુબેનું પોલીસ સાથેની મૂઠભેડમાં મોત થયું છે. ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ ઉજ્જૈનથી કાનપુર લઈ જઈ રહી હતી.પોલીસનું કહેવું છે કે વિકાસે ભાગવાની કોશિશ કરી જે પછી પોલીસે ગોડી ચલાવવી પડી, જેમાં આરોપીનું મોત થયું છે.કાનપુર રેંજના આઈજી મોહિત અગ્રવાલે સમાચાર એજન્સી પીટીઆઈને વિકાસ દુબેના મોતની પુષ્ટિ કરી છે.સમાચાર એજન્સી એએનઆઈ પ્રમાણે કાનપુરમાં થયેલી મૂઠભેડમાં જીવ ગુમાવનાર પોલીસ કૉન્સ્ટેબલ સુલતાન સિંઘનાં પત્નીએ કહ્યું, હું સંતુષ્ટ છું, પરંતુ તેને(વિકાસ દુબે) કોનું પીઠબળ હતું? એ હવે ખબર કેવી રીતે પડશે? તેની પૂછપરછ બાદ આ જાણી શકાયું હોત.ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્ય મંત્રી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે વિકાસ દુબેના મોત અંગે એક ટ્વીટ કર્યું છે.ટ્વીટમાં લખ્યું છે, આ કાર પલટી નથી, રહસ્ય ખૂલવાથી સરકાર પલટતી રહી ગઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૧/૦૭/૨૦૨૦, શનિવાર, અષાઢ વદ-૬
સૂર્યોદય-૬-૧૧, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૬-૫૯,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ પૂર્વાભાદ્રાપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>શુભ-૯-૩૨ સુધી, ૧૨-પરથી ચલ-લાભ-અમૃત-૧૭-૫૩ સુધી, ૧૯-૩૩ થી લાભ-૨૦-૫૩ સુધી, ૨૨-૧૩ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૨ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૧૮થી ૮-૨૫ સુધી,૧૦-૩૯થી ૧૩-૫૯ સુધી,૧૫-૦૬ થી ૧૬-૧૩ સુધી,૧૮-૨૬થી ૨૧-૨૦ સુધી |

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૨૦ અને ચાંદીમાં રૂ.૧,૮૮૭નો ઉછાળોઃ ક્રૂડ તેલના ભાવમાં નરમાઈ

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૩થી ૯ જુલાઈના સપ્તાહ દરમિયાન કુલ રૂ.૧,૫૭,૧૯૧.૬૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનો હિસ્સો રૂ.૧,૫૩,૭૮૮.૨૭ કરોડનો અને કોમોડિટી ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૪૦૩.૩૬ કરોડનો હતો. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં તેજીનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨૦ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૮૮૭ ઊછળ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ પણ વધી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં નરમાઈનો માહોલ હતો, જ્યારે નેચરલ ગેસ વધ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ અને એલચીમાં સુધારા સામે કોટનમાં ઉછાળો હતો. કપાસ અને મેન્થા તેલ ઘટીને બંધ થયા હતા.

સપ્તાહ દરમિયાન ગુરૂવાર, ૯ જુલાઈથી એમસીએક્સ પર કોમોડિટી ઈન્ડાઈસીસના ફ્યુચર્સમાં મોક ટ્રેડિંગ અને કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ટેસ્ટ ૩૧ જુલાઈ સુધી ચાલશે. આ મોક ટ્રેડિંગમાં સહભાગીઓનો રસ વધે અને તેમનો ઉત્સાહ વધારવા માટે વિભિન્ન શ્રેણીઓમાં વિજેતાઓને દૈનિક ધોરણે પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે, જેમાં મોક ટ્રેડિંગ દરમિયાન સૌથી વધુ સોદા કરનારને રૂ.૫,૦૦૦ સુધીના ગીફ્ટ વાઉચરનો પણ સમાવેશ થાય છે. આ મોક ટ્રેડિંગમાં થયેલા સોદાઓ માટે પે-ઈન અને પે-આઉટની કોઈ જવાબદારી રહેશે નહીં.

આ ઉપરાંત એક્સચેન્જે ૧૦મી જુલાઈથી સોનામાં મિની ઓપ્શન્સનો પણ પ્રારંભ કર્યો છે. આ મિની ઓપ્શન્સમાં સહભાગીઓને પોર્ટફોલિયો આધારિત માર્જિનનો ઘણો મોટો લાભ મળશે. સોનું-મિની ઓપ્શન્સના ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર એમ ત્રણ કોન્ટ્રેક્ટ્સ કામકાજ માટે ઉપલબ્ધ બનાવ્યા છે. સોનાના જ્વેલર્સ, નાના-નાના વેપારીઓ, બુલિયન ડીલર્સ, ઓપ્શન્સમાં કામકાજ કરનારા ડેલ્ટા ટ્રેડરો અને ડેલ્ટા હેજરો આ નવા મિની ઓપ્શન્સનો વિશેષ લાભ ઉઠાવશે.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં તેજીનો માહોલ હતો. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૦૫૩ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૩૪૮ અને નીચામાં રૂ.૪૭,૭૭૫ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૮,૧૫૮ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૭૨૦ (૧.૫૦ ટકા)ના ઉછાળા સાથે રૂ.૪૮,૮૭૮ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૮,૮૧૧ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૫૪ (૧.૪૨ ટકા)ની વૃદ્ધિ સાથે રૂ.૩૯,૪૫૪ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૯,૬૭૩ અને નીચામાં રૂ.૩૮,૬૮૦ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૮૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૪ (૧.૧૨ ટકા) વધી બંધમાં રૂ.૪,૮૯૫ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૯૨૭ અને નીચામાં રૂ.૪,૮૧૦ બોલાયો હતો.

સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૦૯૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૯,૩૧૭ અને નીચામાં રૂ.૪૭,૮૩૦ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૭૨૨ (૧.૫૦ ટકા)ના ભાવવધારા સાથે બંધમાં રૂ.૪૮,૮૯૬ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૪૯,૧૮૮ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૨,૧૪૪ અને નીચામાં રૂ.૪૮,૮૬૫ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૯,૨૦૪ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૮૮૭ (૩.૮૪ ટકા)ની તેજી સાથે રૂ.૫૧,૦૯૧ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૪૯,૩૩૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૨,૧૯૮ અને નીચામાં રૂ.૪૯,૦૦૬ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૯,૩૪૩ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૮૬૬ (૩.૭૮ ટકા)ના ઉછાળા સાથે રૂ.૫૧,૨૦૯ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૪૯,૩૩૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૨,૧૮૮ અને નીચામાં રૂ.૪૯,૦૩૧ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૮૬૧ (૩.૭૭ ટકા) વધી બંધમાં રૂ.૫૧,૧૯૮ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૪૬૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૯.૬૦ (૪.૨૨ ટકા) વધી રૂ.૪૮૪.૨૦ બંધ થયો હતો, જ્યારે નિકલનો જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૯૮૩.૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૧.૬૦ (૨.૨૧ ટકા) વધી બંધમાં રૂ.૯૯૭.૮૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧૩૭ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૨૫ (૦.૯૧ ટકા) વધી રૂ.૧૩૮.૫૫ના સ્તરે રહ્યો હતો. સીસું જુલાઈ વાયદો રૂ.૧૪૨.૮૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૬૦ (૧.૮૨ ટકા) વધી રૂ.૧૪૫.૭૫ અને જસત જુલાઈ વાયદો રૂ.૧૬૨.૭૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫.૫૦ (૩.૩૮ ટકા) વધી રૂ.૧૬૮.૧૦ના સ્તરે બંધ થયો હતો.એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૦૧૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૦૮૫ અને નીચામાં રૂ.૨,૯૫૧ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૩૮ (૧.૨૬ ટકા)ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૨,૯૮૬ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જુલાઈ વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૨૯.૧૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬.૩૦ (૪.૮૮ ટકા) વધી રૂ.૧૩૫.૫૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના બંને વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૨૯૦થી રૂ.૩૦૦ની રેન્જમાં ઉછાળો હતો. કોટનનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૫,૯૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૨૮૦ સુધી અને નીચામાં રૂ.૧૫,૮૫૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૫,૮૮૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૦૦ (૧.૮૯ ટકા)ના ભાવવધારા સાથે રૂ.૧૬,૧૮૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૮૭.૫૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૯૯૫ અને નીચામાં રૂ.૯૭૮.૫૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૯૯૧ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૬ (૦.૬૧ ટકા) ઘટી રૂ.૯૮૫ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)ના ત્રણેય વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૮.૪૦થી રૂ.૧૩.૧૦ સુધી વધ્યા હતા. સીપીઓનો જુલાઈ વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૭૯ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮.૪૦ (૧.૨૬ ટકા) વધી રૂ.૬૭૨.૯૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૬૭૭.૩૦ અને નીચામાં રૂ.૬૫૫.૧૦ બોલાયો હતો.

એલચીના વાયદાઓમાં જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧,૩૭૫ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧,૩૭૫.૧૦ સુધી જઈ, સપ્તાહના અંતે આ વાયદો રૂ.૩૯.૧૦ (૨.૯૩ ટકા) વધી રૂ.૧,૩૭૫ના સ્તરે બંધ થયો હતો.મેન્થા તેલના બંને વાયદા કિલોદીઠ રૂ.૧૫થી રૂ.૧૫.૬૦ જેટલા નરમ હતા. મેન્થા તેલનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૯૦.૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૦૦૦ અને નીચામાં રૂ.૯૭૧.૫૦ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૫.૬૦ (૧.૫૭ ટકા) ઘટી બંધમાં રૂ.૯૭૫ના ભાવ થયા હતા.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન સોનાના વાયદાઓમાં ૨,૭૬,૯૬૮ સોદાઓમાં રૂ.૪૫,૯૩૯.૬૬ કરોડનાં ૯૪.૫૩૯ ટન, ચાંદીમાં ૧૨,૫૩,૪૩૪ સોદાઓમાં રૂ.૪૬,૦૫૫.૯૪ કરોડનાં ૯,૧૧૬.૨૯૬ ટન, તાંબામાં ૮૭,૮૫૮ સોદાઓમાં રૂ.૧૧,૭૦૭.૫૫ કરોડનાં ૨,૪૭,૩૧૨.૫૦૦ ટન, નિકલમાં ૬૭,૬૩૨ સોદાઓમાં રૂ.૧૧,૦૯૪.૨૭ કરોડનાં ૧,૧૦,૯૧૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમમાં ૮,૯૭૨ સોદાઓમાં રૂ.૬૬૭.૪૪ કરોડનાં ૪૮,૧૯૫ ટન, સીસામાં ૧૭,૬૬૨ સોદામાં રૂ.૧,૪૪૩.૮૧ કરોડનાં ૯૯,૬૮૦ ટન, જસતમાં ૪૭,૪૪૭ સોદાઓમાં રૂ.૪,૨૯૫.૨૯ કરોડનાં ૨,૫૯,૫૦૦ ટન, ક્રૂડ તેલમાં ૩,૨૦,૫૧૨ સોદાઓમાં રૂ.૧૪,૫૩૯.૫૫ કરોડનાં ૪,૭૯,૭૩,૧૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૫,૬૦,૦૧૦ સોદાઓમાં રૂ.૧૬,૮૩૪.૧૦ કરોડનાં ૧,૨૨,૧૫,૦૭,૫૦૦ એમએમબીટીયૂ, કપાસમાં ૩૩૭ સોદાઓમાં રૂ.૮.૭૩ કરોડનાં ૧,૭૭૨ ટન, કોટનમાં ૨,૭૫૬ સોદામાં રૂ.૧૪૬.૮૦ કરોડનાં ૯૦,૯૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૦,૮૯૮ સોદાઓમાં રૂ.૧,૦૨૫.૧૧ કરોડનાં ૧,૫૩,૯૬૦ ટન અને મેન્થા તેલમાં ૨૭૦ સોદાઓમાં રૂ.૨૯.૯૮ કરોડનાં ૩૦૫ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૨૦.૫૪૫ ટન, ચાંદીમાં ૪૯૦.૬૪૦ ટન, તાંબામાં ૨૦,૨૦૭.૫૦૦ ટન, નિકલમાં ૨,૧૦૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમમાં ૫,૨૫૦ ટન, સીસામાં ૩,૭૩૦ ટન, જસતમાં ૧૦,૯૩૫ ટન, ક્રૂડ તેલમાં ૧,૫૭,૭૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૧,૪૬,૨૫,૦૦૦ એમએમબીટીયૂ, કપાસમાં ૬૩૬ ટન, કોટનમાં ૧,૨૧,૩૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૨,૩૯૦ ટન, એલચીમાં ૧ ટન અને મેન્થા તેલમાં ૧૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

# કોટનમાં ૧૦,૬૦૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ સીપીઓ, મેન્થા તેલમાં મામૂલી સુધારો

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં નરમાઈનો માહોલઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૨૭૮૬.૮૬ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૮૨૫૬ સોદામાં રૂ. ૧૨૭૮૬.૮૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૫૦૨.૮૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૮૪.૦૪ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ હતી. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેમાં નરમાઈનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૧૦,૬૦૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટી આવ્યા હતા. સીપીઓ અને મેન્થા તેલમાં મામૂલી સુધારો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૩૧૭૯ સોદાઓમાં રૂ. ૭૧૮૪.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૯૧૯ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૧૫૦ અને નીચામાં રૂ. ૪૮૮૨૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫૩ વધીને રૂ. ૪૯૧૩૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૮ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૫૪૨ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૦૯ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૮ વધીને બંધમાં રૂ. ૪૯૧૧૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૧૧૬૩ ખૂલી, ઊપરમાં રૂ. ૫૧૬૧૪ અને નીચામાં રૂ. ૫૦૯૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૫૨ વધીને રૂ. ૫૧૫૪૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૩૯૦ વધીને રૂ. ૫૧૫૯૯ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૩૯૯ વધીને રૂ. ૫૧૫૯૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૭૫૭૭ સોદાઓમાં રૂ. ૨૩૭૬.૩૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૫૬ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૬૦ અને નીચામાં રૂ. ૨૯૦૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૭ ઘટીને રૂ. ૨૯૩૯ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૦૨૦ સોદાઓમાં કુલ રૂ. ૧૭૨.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૧૩૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૬૦ અને નીચામાં રૂ. ૧૬૦૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૦ ઘટીને રૂ. ૧૬૦૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૬૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૧૦ પૈસા વધીને બંધમાં રૂ. ૬૭૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૭૯ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૯.૫ અને નીચામાં રૂ. ૯૬૭.૨ રહી, અંતે રૂ. ૯૭૬.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૮૪ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૪.૫ અને નીચામાં રૂ. ૯૮૨ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૫૦ ઘટીને રૂ. ૯૮૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૮૬૭ સોદાઓમાં કુલ રૂ. ૩૫૯૧.૩૫ કરોડ ની કીમતનાં ૭૩૩૦.૮૩૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૦૨૩૧૨ સોદાઓમાં કુલ રૂ. ૩૫૯૩.૧૮ કરોડ ની કીમતનાં ૬૯૯.૬ ટન, ક્રૂડ તેલમાં ૩૨૦૧૦ સોદાઓમાં રૂ. ૧૩૬૨.૨૯ કરોડનાં ૪૬૪૮૨૦૦ બેરલ્સ, કોટનમાં ૩૧૪ સોદાઓમાં રૂ. ૧૭.૧૩ કરોડનાં ૧૦૬૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૬૧૩ સોદાઓમાં રૂ. ૧૪૮.૯૮ કરોડનાં ૨૨૩૦૦ ટન, મેન્થા તેલમાં ૪૬ સોદાઓમાં રૂ. ૪.૯૫ કરોડનાં ૫૦.૭૬ ટન, કપાસમાં ૪૭ સોદાઓમાં રૂ. ૧.૨૪ કરોડનાં ૨૫૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૩૫.૫૬૩ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૯૫.૭૮૭ ટન, ક્રૂડ તેલમાં ૪૨૧૪ બેરલ્સ, કોટનમાં ૧૨૨૫૦૦ ગાંસડી, સીપીઓમાં ૮૨૧૭૦ ટન, એલચીમાં ૧.૨ ટન, મેન્થા તેલમાં ૧૩૮.૨૪ ટન અને કપાસમાં ૫૭૨ ટનના સ્તરે રહ્યો હતો. સોનું-મિનીના ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૮,૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૭૭૫ અને નીચામાં રૂ.૫૬૨ સુધી જઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૪૯ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭,૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩ અને નીચામાં રૂ.૧.૫૦ સુધી જઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૫૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૯૯ ખૂલી, ઊપરમાં રૂ. ૭૨૨.૫ અને નીચામાં રૂ. ૫૭૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૦૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૩.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૨૬ અને નીચામાં રૂ. ૨૬૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૯.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૬૪૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૨૨ અને નીચામાં રૂ. ૧૫૬૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૪૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૯૪૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૯૪૪.૫ અને નીચામાં રૂ. ૧૬૨૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૬૯.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૭૦.૯ ખૂલી, ઊપરમાં રૂ. ૭૧.૯ અને નીચામાં રૂ. ૪૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦.૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૬૯ ખૂલી, ઊપરમાં રૂ. ૮૯.૯ અને નીચામાં રૂ. ૬૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૪.૨ બંધ રહ્યો હતો.

## કોરોના ની કોઈ દવા નથી

હવે, કોરોના ના કેટલાં પણ કેસ આવે,

ચાહે,આપણી નજીક ના વિસ્તારમાં આવે કે પછી આપણી સોસાયટીમાં આવે કે,આપણી પાડોશ માં આવે...

સત્ય સ્વિકારી લેવાનુ છે કે આની કોઈ દવા નથી.

બહાર નીકળી ને કામે જવું પણ જીવનનો એક ભાગ જ છે.

ઘરે બેસીએ,તે સમસ્યાનો ઉકેલ નથી.

માનસિક રીતે તૈયારીઓ કરી નાખો કે બધા જ કોરોના પોઝેટિવ છે..આપણ ને પણ ચેપ આજે નહી તો કાલે સવારે લાગવાનો જ છે.

માનસિક અને શારીરિક રીતે મજબૂત બની જવાનુ જ છે નહિ કે ડરવાનું છે.

શરીર ની રોગ પ્રતિકારક શક્તિ મા વધારો થાય તેવો ખોરાક અને આચાર-વિચાર કરવાના છે.

પોઝીટિવ રોગ ની સામે જો આપણે પોઝીટીવ

નહિ બનીએ તો નહિ ચાલે??

સરકાર જેટલી મદદ કરશે તે ઓછી જ પડવાની છે.

કારણ એ જ છે કે માનવગત સ્વભાવ છે.

સરકાર પાસે થી

મફતની સગવડ લેવાની કે કોઈ ની પાસે થી સામાજીક મદદ લેવાની આશા રાખ્યા વગર, એક જ સુત્ર યાદ રાખવાનુ છે.

અમે રોજગારી માટે સક્ષમ છીએ,

અમે જાતે તો પડયા જ નથી, સંજોગોએ પાડ્યા છે માટે અમે જાતે જ ઉભા થઈશું,

ફરી કામ-ધંધા ઉભા કરી ને દોડતા થઈશું.

અમે કોરોના ઈફેક્ટ્સથી બચી ને જીવતા શીખીશુ.

.મેલેરિયાની દવા શોધાયાને લગભગ ૫૦ વર્ષ થયા. છતાં દર વર્ષે ભારતમાં મેલેરિયાના ૬૫ લાખ થી વધુ કેસ હોય છે જેમાંથી લગભગ ૨૨ થી ૨૪ હજાર લોકોના મોત થાય છે ( મહિને ૨ હજાર )

જો કોરોનાની જેમ મેલેરિયાના કેસના સમાચાર અને આંકડાઓ રોજે-રોજ મીડિયામાં આપવામાં આવે , તો લોકો પાગલ થઈ જાય માટે ગભરાવવા ની જરૂર નથી, ફક્ત કોરોનાની સાથે કેવી રીતે જીવવું એ સીખી લેવાનું છે.( જેમ આપણે મેલેરિયાની સાથે જીવવાનું આવડી ગયુ છે. મચ્છરદાની, ઓલ-આઉટ, ઓડોમોસ , કચ્છુઆ અગરબત્તીના ઉપયોગ દ્વારા )કોરોનાના ઉપાયો થોડા અલગ હશે ! પણ, મેહરબાની કરી કોરોના અપડેટ્સ ની માયાજાળમાં પડશો નહીં , નહીં તો જીવવાની મઝા નઈ લઈ શકો.

માનસિક રીતે સ્વસ્થ માણસ જ મુશ્કેલીમાં થી બહાર નિકળવા નો રસ્તો શોધી શકે છે.

માટે સ્વસ્થ રહો, મસ્ત રહો

# મને કોઈ સમજાવશો

આ જગતની સૌથી મોટી અજાયબી શરીર છે. શરીર ખાઈ શકે છે, પચાવી શકે છે, જોઈ શકે છે, સુંઘી શકે છે, દોડી શકે છે, થોભી શકે છે, વિકસી શકે છે અને નષ્ટ પણ થઈ શકે છે. એક શરીરમાંથી બીજું શરીર પ્રસવી શકે છે.

શરીરને સમજ્યા વગર આત્માને સમજવાની કસરત કરવી જોઈએ ખરી? આત્માનું કલ્યાણ કરવા માટે શરીરને કષ્ટ આપવું જરુરી ખરું? શરીરનો વાંક શો છે એ તો કહો!

જે શરીર આપણા તથાકથીત આત્માને રહેવા માટે જગ્યા આપે છે, જે શરીર આત્મા પાસેથી કદીયે ભાડું–રેન્ટ કે કીરાયા માગતું નથી એ શરીર પર આત્માના કલ્યાણ માટે જુલમ ગુજારવો એ બેવકુફી નથી લાગતી ?

શરીરનો કોઈ વાંક નથી,તો પણ એને ભુખ્યુ રાખો. શરીરનો કોઈ જુર્મ નથી, છતાં એને ત્રાસ આપ્યા કરો. એની પાસે બ્રહ્મચર્ય પળાવો. એને ઉઘાડા પગે દોડાવો. એના વાળ ખેંચી કાઢો. આવું કરો તો તમે મહાત્મા? એક મહાશય મને કહેતા હતા, 'તમે માત્ર બે જ દિવસ માટે સાધુજીવન જીવી બતાવો તો તમને ખબર પડશે કે એમાં કેટલું કષ્ટ છે અને એ જીવન કેટલું અઘરું છે!લ્લ

મેં તેમને કહ્યું કે પ્રથમ વાત તો એ છે કે એવું કશુંય કરવાની જરુર જ શી છે? બીજી વાત એ છે કે કોઈ કામ અઘરું અને કષ્ટદાયક હોય એટલા જ કારણે એને પવિત્ર કેમ માની શકાય? પર્વતની ટોચ પર જઈને ખીણમાં કુદકો મારવો એ અઘરું છે ,એટલે એને આપણે પવિત્ર કહેવાનું? એમ તો તમે સાપની જેમ એક દિવસ માટે શરીરને ઘસડી–ઢસડીને ચાલી બતાવો

તમે બે દીવસ સાધુજીવન જીવવાની મને ચૅલેન્જ કેમ કરો છો ? ખરી વાત તો એ છે કે મને સાધુજીવનમાં કશુંય અઘરું દેખાતું નથી. લાખો લોકો એવું જીવન જીવે છે. અઘરું કામ તો પ્રામાણીકપણે જીવનના સંઘર્ષો સામે ઝઝુમવાનું છે. વંઠેલા પતિનો ત્રાસ વેઠીનેય પારિવારીક જવાબદારીઓ નિભાવતી સ્ત્રીની પવીત્રતા તમે જોઈ છે ખરી ? વહેમીલી અને ડંખીલી પત્નીની પજવણી મુંગા મોંએ વેઠી લઈને સંતાનોનાં હિત માટે ઓવરટાઈમ કરતા પતિનું કષ્ટ તમે કદી મહેસુસ કર્યું છે ખરું?

અડધી રાત્રે પાડોશમાં કોઈ બિમાર પડે તો ઉજાગરો વેઠીને તેની સાથે રહેનાર સ્વજનની સંવેદનાના સાક્ષી તમે કદી થયા છો ખરા ? પાડોશી માટે પોતાની નિન્દ્રાનો ત્યાગ કરવો, એને તમે કેમ ત્યાગ નથી માનતા ? તમને પવિત્રતા અને મહાનતા ચોક્કસ વેશભુષામાં જ જોવાનું વ્યસન પડી ગયું છે એટલે બીજે બધે પાપ જ પાપ દેખાય છે !

ઘણા લોકોને પશુ–પંખીઓ અને જંતુઓ માટેની જીવદયામાં જ ધર્મ દેખાય છે. એવી જીવદયાનો વિરોધ નથી; પરંતુ બીજા માનવીની લાચારી પ્રત્યે હમદર્દી ન જાગે તો પેલી જીવદયા શોભતી નથી.

દરેક જીવ માટે સમાન આદરભાવ હોવો એ ધર્મ છે. ગાયને ભલે માતા કહીએ; પણ એ નગ્ન હશે તો એની ઈજ્જત સામે ખતરો નથી; પણ કોઈ દરીદ્ર સ્ત્રીને તન ઢાંકવા વસ્ત્ર નહીં હોય તો તે શી રીતે બહાર નીકળશે? એક માણસ પાંચ કુતરાનું પેટ ભરી શકશે; પણ પાંચસો કુતરા ભેગા મળીને એક માણસનું પેટ નહીં ભરી શકે !

એક માણસ પાંચ હજાર પશુઓ માટે જળાશય બનાવી શકશે; પણ પાંચ હજાર પશુઓ ભેગાં મળીને એક માણસ માટે એક પવાલું પાણી નહીં લાવી શકે.

માણસ ઓશીયાળો ન બને એ જરુરી છે. બિમાર પશુઓ માટે માણસ હૉસ્પીટલ બનાવી શકશે;પણ પશુઓ કદીયે માણસ માટે હૉસ્પીટલ નહીં બનાવી શકે.

જીવદયાના કેન્દ્રમાં માણસ જ રહેવો જોઈએ.

પશુ–પંખીઓ કુદરતી રીતે જીવવા–મરવા ટેવાયેલાં હોય છે; પણ માણસે સામાજીક રીતે જીવવાનું હોય છે અને એ માટે તેને 'મદદલ્લ કરવી એ 'ધર્મલ્લ છે.

મને ઉપવાસ કરવામાં કદીયે તપ દેખાતું નથી; તપ તો બીજાનું પેટ ભરવામાં છે. પોતાના જીવનમાં સામે ચાલીને કષ્ટો વેઠવાં એ ત્યાગ નથી; બીજાનાં કષ્ટો દુર કરવા પ્રયત્ન કરવો એ તપ છે.

હું ઉઘાડા પગે ચાલું એથી જગતને (કે મને) શો લાભ થાય ? એના કરતાં એક ગરીબ મજુરના ઉઘાડા પગ માટે તેને ચંપલ લાવી આપું તો તેની તકલીફ જરુર ઓછી થાય.

પૈસાને અડવાથી પાપ લાગે એ વાત મારા મગજમાં બેસતી નથી. પ્રામાણીક પુરુષાર્થ કરીને, વધુમાં વધુ પૈસા કમાઈને, એ દ્વારા બીજાઓનાં જીવનની યાતનાઓ ટાળી શકાય એને હું ધર્મ માનું છું

આવી પડેલાં કષ્ટો ખુમારીપુર્વક અને પુરી ખાનદાનીથી વેઠવાં જીવનધર્મ છે. કષ્ટોને સામે કંકોત્રી મોકલવી એ તો મુર્ખામી જ છે !

એક અવળચંડાઈ પ્રત્યે પણ તમારું ધ્યાન દોરી દઉં. જે લોકો શરીરને ભાતભાતનાં કષ્ટ આપીને મહાત્મા બની બેસે છે, એજ લોકોને જ્યારે કોઈ રોગ કે દરદ થાય છે; ત્યારે સારામાં સારા ડૉક્ટર અને શ્રેષ્ઠ હૉસ્પીટલમાં સારવાર કરાવે છે.

વાહનનો ઉપયોગ નહીં કરનારાઓને પણ, વિમાનમાં તાત્કાલીક સારવાર માટે લઈ જવાય છે. કેમ ભાઈ ? આમ તો તમે કહો છો કે શરીર નાશવંત છે અને શરીરને કષ્ટ આપવું એ ધર્મ છે. ત્યારે બિમારીનું કષ્ટ વેઠવાની ત્રેવડ કેમ નથી બતાવતા ?

આવી પડેલાં કષ્ટોના ઉપાય માટે પ્રયત્નો કરવાના અને ન હોય એવાં કષ્ટોને આમન્ત્રણ આપવાનો ઢોંગ કરવાનો – આવું શા માટે ?

અધ્યાત્મના નામે સંસારને સળગાવી મારવામાં કશું ડહાપણ નથી. સંસારનો ધર્મ નિભાવતાં આવડે તો આધ્યાત્મની ગલીઓમાં ભટકવાનું જરુર અટકી જાય.

સંસારમાં રહીને આપણે અનેક ધર્મો નિભાવી શકીએ છીએ : જેમ કે પતિધર્મ, પુત્રધર્મ, પિતાધર્મ, માતૃધર્મ, શિક્ષકધર્મ, વેપારીધર્મ, વડીલધર્મ, પાડોશીધર્મ, તબીબીધર્મ.. વગેરે સેંકડો ધર્મ નિભાવી શકાય છે.

સંસારનાં સુખો ભોગવતાં–ભોગવતાં મોક્ષનું માધુર્ય માણી શકાય છે. જેને એવું માધુર્ય માણતાં આવડતું હોય તેણે કાલ્પનીક મોક્ષસુખ માટે ફાંફાં મારવાં પડતાં નથી.

# ધનસુરા નજીકની દર્શન હોટલમાં કામ કરતા કર્મચારીનું રહસ્યમય મોત




અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં અપમૃત્યુની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે બાયડ તાલુકાના તાલોદ ગામનો અને ધનસુરા નજીક આવેલી દર્શન હોટલમાં નોકરી કરતા યુવકની લાશ હોટલ પાછળ આવેલા ખાળકુવાના ગંદા પાણીના ખાડામાં મળી આવતા ભારે ચકચાર મચી છે યુવકની હત્યા કે આકસ્મિક મોત અંગે રહસ્ય ઘેરાયું છે યુવકની લાશ મળી આવતાં પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા ધનસુરા પોલીસ દર્શન હોટલ દોડી આવી હતી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શામળાજી નજીક આવેલા નાપડા-ખાલસા ગામમાં ૯ વર્ષીય બાળક ગામના અન્ય બાળકો સાથે રમવા ગયાં બાદ પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથધરતાં ગામનાં તણાવમાંથી બાળકનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી

બાયડ તાલુકાના તાલોદ ગામનો વતની નરેશભાઈ બાબુભાઈ રાઠોડ ધનસુરા નજીક આવેલી દર્શન હોટલમાં નોકરી કરતો હતો બુધવારે યુવક હોટલમાંથી ગુમ થઈ જતા હોટેલના માલિક અને કર્મચારીઓએ શોધખોળ હાથધરી હતી યુવક મળી ન આવતા યુવકના પિતાને હોટેલ સત્તાધીશોએ કરતાં યુવકના પિતા બાબુભાઈ રાઠોડ અને પરિવારજનો હોટલ ખાતે દોડી આવ્યા હતા અને આજુબાજુ શોધખોળ હાથધરાતા યુવકની લાશ હોટલ પાછળ આવેલા ખાળકૂવાના ખાડા માંથી મળી આવતાં દર્શન હોટેલ બહાર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ધનસુરા અને જીલ્લાની પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી ધનસુરા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી યુવકના પરિવારજનોએ યુવકની હત્યા કરી લાશને સગેવગે કરી દીધી હોવાનો આક્ષેપ કર્યો હતો ધનસુરા પોલીસે એડી દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી .ગુરુવારે બપોરના સુમારે શામળાજી નાપડા-ખાલસા ગામે રહેતા ભુપત ભાઈ વણજારાનો ૯ વર્ષીય સુમિત નામનો પુત્ર ગામના બાળકો સાથે રમવા ગયા બાદ પરત ન ફરતા બાળકના માતા-પિતાએ અને ગામલોકોએ ગામમાં અને આજુબાજુ શોધખોળ હાથધરી હતી બાળક ની ભાળ ન મળતાં શામળાજી પોલીસને બાળક ગુમ થવા અંગે જાણ કરી હતી ત્યારે શુક્રવારે સવારે નાપડા ખાલસા ગામમાં આવેલ તળાવમાં ગુમ થયેલ સુમિત વણજારા નામના બાળકની લાશ તરતી હાલતમાં મળી આવતાં પરિવારજનો અને ગામલોકના ટોળેટોળા ઉમટ્યા હતા બાળકના પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી શામળાજી પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતક બાળકની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

**કરંટ ટોપિક..NG/0044..**
**વિભાગઃ- ગધ**
**શીર્ષકઃ- અંગદાન**

ચક્ષુદાન અંગે તો પ્રજા જાગૃત છે જ.અંગદાન ,આને દેહદાન અંગે જાગૃતિ ની જરૂર છે.અંગદાન બ્રેઈન ડેડ વ્યક્તિ નું જ થાય.સ્વજનની અંતિમ વિદાય હૃદય દ્રાવક જ હોય આ સમયે અંગદાન અંગે સમજાવવાની કપરી કામગીરી કરી ડોક્ટરો બીજા પાંચ વ્યક્તિઓને જીવનદાન અપાવે છે. તાજેતરમાં જ મેડિકલમાં ભણતી એક અનાવિલ યુવતી ડોક્ટર થવાનું સપનું સાકાર થાય એ પહેલાં બ્રેઈન ડેડ થતાં એનાં અંગોનુ દાન કરતા પાંચ વ્યક્તિઓને જીવનદાન મળ્યું.દીકરીનો દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો.પરંતુ એનાં અંગદાન ને લીધે પાંચ વ્યક્તિમાં જીવી રહી છે.સલામ એ માવતરને કે આવી કરૂણ પરિસ્થિતિમાં આવો ઉત્તમ નિર્ણય લીધો. અંગદાન ન થઈ શકે તો દેહદાન પણ ઉત્તમ દાન છે?.દેહદાન કરવાથી તબીબી શાખાના વિદ્યાર્થીઓ શરીરની રચના સમજી શકે.એની ઉપર પ્રયોગ કરી નવી શોધ કરી શકે. વિદ્યાર્થીઓને શીખવા માટે મૃતદેહ મળતા નથી.આપણે જાગૃત થઈ દેહદાન કરીએ તો તબીબી શાખા માટે આશીર્વાદરૂપ છે. દાન તો ઘણા પ્રકારના હોય છે.અન્નદાન, વસ્ત્રદાન , કન્યાદાન.શાસ્ત્રમાં કન્યાદાન શ્રેષ્ઠ કહ્યું છે પરંતુ આજે એકવીસમી સદીમાં એક માનવીને બીજા માનવીનાં અંગોથી જીવનદાન મળતું હોય ત્યારે અંગદાન સર્વ શ્રેષ્ઠ છે ને બીજું દેહદાન.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---------------------------------------

**વિભાગઃ ગધ**
**શીર્ષક : જયા-પાર્વતી વ્રત**
**NG NO:0043**

હિંદુ સંસ્કૃતિ .. કેટલી અદ્ભૂત અને કેટલી સુંદર છે.આપણી હિન્દુ સંસ્કૃતિમાં વ્રત જપ તપ કેટકેટલું છે જે આપણા જીવનને આનંદમય બનાવે છે.આ દરેક વસ્તુ આપણા જીવનની અંદર નવો ઉત્સાહ ઉમંગ લઈને આવે છે. આવા જ અમુક વ્રત છે કે અષાઢ માસમાં આવે છે એમાંનું એક વખત છે "જયા પાર્વતી"નું વ્રત.વ્રત ઉપવાસ આ દરેકની પાછળ કંઈક ને કંઈક ધાર્મિક બાબતો અને વૈજ્ઞાનિક બાબતો પણ જોડાયેલી છે અને સાથે અમુક માન્યતાઓ તો ખરી જ. જયા પાર્વતીનું વ્રત અષાઢ સુદ તેરસના દિવસથી શરૂ થાય છે .જયા પાર્વતીનું વ્રત એટલે મા ઉમિયાજીને પ્રસન્ન કરવાનું વ્રત.કહેવાય છે કે આ વ્રત કરવાથી ભવિષ્યમાં સારો જીવનસાથી પ્રાપ્ત થાય છે અને સાથે દરેક બાળકીઓમાં એક અતૂટ વિશ્વાસ અને શક્તિનો વધારો થાય છે. મા પાર્વતીએ પણ શંકર ભગવાનને પ્રાપ્ત કરવા માટે ખૂબ જ કઠિન તપ કર્યું હતું આ જ વ્રતને આપણે જયા પાર્વતી વ્રત તરીકે ઓળખી છીએ.

આ વ્રતમાં મા પાર્વતીની માટીમાંથી મૂર્તિ બનાવી પાંચ દિવસ માટે અબીલ ગુલાલ કંકુ ફૂલથી તેમની પૂજા કરવામાં આવે છે.તેમને ભોગ ધરાવી સુંદર જીવન અને જીવનસાથીની કામના કરવામાં આવે છે. ત્યારબાદ પાંચ દિવસ મોળું એટલે કે મીઠા વગરનું જમવાનું જમવામાં આવે છે.સાથે પાંચ દિવસ પૂર્ણ થયા બાદ પૂજારીને "સીધુ" આપવામાં આવે છે અને જાગરણ કરવામાં આવે છે.આમ આવા વ્રતથી બાળકીઓમાં એક શક્તિનો ઉમેરો થાય છે .જેથી તે ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓનો સામનો પણ કરી શકે.

જયા પાર્વતીના વ્રતથી બાળકીઓમાં એક અનેરો ઉમંગ હોય છે.પાંચ દિવસ તહેવારમાં ફેરવાઈ જાય છે. આતો ધાર્મિક કારણ હતું કે સારો જીવનસાથી મેળવવા માટે આ વ્રત થાય છે.સાથે વૈજ્ઞાનિક કારણ પણ જોડાયેલું છે કે અષાઢ મહિનો એટલે કે વરસાદનો સમય અને સાથે જ વાતાવરણમાં થોડી માંદગીની પણ અસર.તેથી આપણું શરીર સ્વસ્થ રહે તે કારણથી પણ આ વ્રત અને ઉપવાસ કરવામાં આવે છે. ઘણા એવું માને છે કે વ્રત કરીએ ભૂખ્યા રહીએ તો જ આપણે કોઈ માતાજી ને કે પિતાજીને અથવા ભગવાનને પ્રસન્ન કરી શકીએ.પણ આ તદ્દન ખોટી વસ્તુ છે. વ્રત કરવું જોઈએ તેમાં જે નિયમો છે તે પણ આપણે અનુસરવા જોઇએ પણ સાથે આપણે જેટલું ધાર્મિક રીતે અને જેટલી આસ્થા અને શ્રદ્ધા રાખીને વ્રત કરીએ તો આપણને તેનું ફળ અચૂક જ મળે છે.વ્રત કર્યા પછી પણ આપણે જો મનમાં પાપ રાખીએ તો તેનું ફળ ક્યારે પણ મળતું નથી.

આપણી સંસ્કૃતિમાં વ્રતનો મહિમા એ પણ છે કે દરેકે દરેક બાળકમાં નાનપણથી જ સંસ્કારોનું સિંચન થાય અને તેને આપણા ધર્મની અને આપણા દેવી-દેવતાઓની જાણકારી પણ મળે.

મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ

---------------------------------------

**NG no.0050**
**ગુરુ પુણિમા.**

વેદ વ્યાસજીનો જન્મ યમુનાનાં દ્વિપ પર થયેલો "શ્યામરંગી" હતા એટલે "કૃષ્ણદ્વૈયાપન" નામ પડયું . તેમને વેદોના વિભાગ કરવાથી વેદ વ્યાસ કહેવાયા . એમની યાદમાં "ગુરુપૂણિમા" ને "વ્યાસ પૂણિમા "કહેવાય છે. તેમને અઢાર પુરાણ ને ઉપકરણોની રચના કરી . વિશ્વનો મોટો ગ્રંથ "મહાભારત" નાં રચાયતા પણ છે. ગુરુનું મહત્વ... "ગુ " એટલે અંધકાર ને " રુ" એટલે નિરોધક પ્રકાશ. ગુરુ એટલે "શિષ્યમાં અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી દિપક પ્રગટાવે તે ગુરુ.

પ્રથમ ગુરુ તો "માતા" જ, બીજો "શિક્ષણ આપનાર ગુરુ."

ગુરુની મહત્તા ગોવિંદ કરતા વધારે છે. શુભકાર્યે નાં પ્રારંભમાં ગુરુ વંદનાથી થાય. ભગવાન પૃથ્વી પર અવતાર લે ત્યારે ગુરુ ગૃહે વિદ્યાભ્યાસ કરી ગુરુ પૂજનનું મહત્વ સમજાવે છે. ભગવાન નારાયણે સૃષ્ટિ રચી ત્યારથી નારાયણ આદિ ગુરુ હતા. "ગુરુની પૂજા , પાદુકા અર્ચેન કરી... ગુરુ પ્રત્યે શિષ્યનું સંપૂણે સમપેણ ને શરણાગતિ એજ ગુરુદક્ષિણા."

એમના વચનો ઉપદેશ મંત્ર જેટલા પવિત્ર ને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. મારા હાથ ઉઠે અંતર મનથી આત્માનો પ્રવાસ કરુંને મારા ગુરુચરણ નો અમુલ્ય સ્પશે માયાનું આવરણ દૂર કરું...

એ મારી ખરી..... " ગુરુપૂણિમાં."

રાગીની શુકલ"રાગ... (મુંબઈ ,કાંદિવલી.)

---------------------------------------

**N.G. 0042**
**વિભાગ-કરંટ ટોપિક**
**ગદ્ય-**
**શીર્ષક-"કડવી વાસ્તવિકતા"**

આજકાલ માણસોને ખોટો દંભ અને દેખાડો કરવાનો રોગ લાગુ પડ્યો છે. એમાંય ડિજિટલ દુનિયામાં આંગળીના ટેરવે ક્યાંથી ક્યાં પહોંચતો માણસ વાસ્તવિક દુનિયા થી દુર ભાગતો જાય છે. જેની સાથે સ્નાન સૂતકનો પણ સંબંધ ન હોય એવા કોઈ પ્રસિદ્ધ વ્યક્તિનું મૃત્યુ થાય તો, એક એવો સમુદાય હિલોળે ચઢે છે, કે જેની ઈચ્છા ફક્ત પોતે બીજા કરતા વધારે જાણે છે એ બતાવવાની જ હોય છે. જ્યાં ત્યાં થી માહિતી એકઠી કરી, શોક પ્રકટ કરશે,શ્રદ્ધાંજલિ આપશે, તેનાં ફોટા ડી.પી.માં મુકશે,ઇન્સ્ટાગ્રામ પર,સોશિયલ મીડિયા પર મુકશે ટૂંકમાં સસ્તી પ્રસિદ્ધિ મેળવવાની એક પણ તક જતી નહિ કરે અને આપણે પણ પાછા એ ગાડરીયા પ્રવાહમાં જોડાઈને ઈ લખવા જઈશું.

બીજી એક વાત,જેની સાથે કેમ છો? કહેવાનોય વ્યવહાર નથી એવી કોઈ પ્રસિદ્ધ વ્યક્તિ સિદ્ધિ મેળવે તો એ વ્યક્તિના ગુણગાન ગાવા માંથી આપણે ઉંચા નથી આવતા. તેની પ્રગતિનો એટલો બધો પોરસ કરીએ છીએ જાણે એ વ્યક્તિની પ્રગતિમાં આપણો પણ હાથ હોય અને અહીં પણ વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, સ્ટેટ્સ,વિ જેવી જગ્યા એ તેની વાહવાહી કરીએ છીએ,પણ આજ પ્રગતિ આપણાં કોઈ ઓળખીતાને મળે તો? ઈર્ષાની આગમાં તેને વખોડવાની એક તક પણ ચૂકતાં નથી,અને તર્કવિતર્ક કરી તેને નીચા પાડતાં પણ અચકાતા નથી. ટૂંકમાં આપણી માનસિકતાનું પતન થઈ રહ્યું છે,અને આપણાં મનમાં આપણાં સગા-સ્નેહી પ્રત્યે દુર્ભાવ જાગી રહ્યો છે,અને સાવ અજાણ્યાં તરફ હમદર્દી અને સહનુભૂતિનો ભાવ વધી રહ્યો છે. તમને નથી લાગતું આપણે આવી માનસિકતાને તિલાંજલિ આપવી જોઈએ અને રાત દિવસ આપણી આસપાસ રહેતાં સુખ-દુ:ખમાં સાથ આપતા લોકોની દરકાર પહેલાં લેવી જોઈએ?

પૂજા(અલકા)કાનાણી.મીઠાપુર.

---------------------------------------

**NG 0049**
**વિષય : કરંટ ટોપીક**
**શીર્ષક : ગુરુ**

આજે ગુરુ પૂર્ણિમા છે તો સવારે મારા ગુરુ એટલે કે ભગવાન શ્રી કૃષ્ણ ના મંદિરે ગયો હતો, દર્શન કરી ને બાર નિકળ્યો તો એક નાનો છોકરો આવ્યો મારી જોડે ને બોલ્યા કે તમે કેમ આવ્યા અહીં, મે કહ્યું બેટા આજે ગુરુ પૂર્ણિમા છે તો શ્રી કૃષ્ણ મારા ગુરુ છે એટલે દર્શન કરવા માટે આવ્યો છું, આ મારી વાત સાંભળતા જ એ નાનો છોકરો બોલ્યો કે માણસ ના સાચા ગુરુ કોણ છે ખબર છે તમને, મે કહ્યું હા ભગવાન., છોકરા એ કહ્યુ કે તમને કાઈ ખબર નથી, મે કહ્યું તુ જ કહી દેને કોણ છે માણસ ના સાચા ગુરુ, છોકરા એ કહ્યુ કે માણસ ના સાચા ગુરુ સમય છે અને આટલું કહી ને દોડી ને જતો રહ્યો, મે મન મા વિચાર કરીયો કે આ છોકરા ની વાત તો ૧૦૧% સાચી વાત છે, માણસ નો સાચો ગુરુ તો સમય જ છે.

વિપુલ શ્રીમાળી " Mr Zero [0] "

---------------------------------------

**NG- 048**
**વિભાગ- કરંટ ટોપિક**
**શીર્ષક – ઓનલાઇનના પડકારો**

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના ભાગરૂપે આવેલા લોકડાઉનમાં લોકોના જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું. એમાનું એક બહુ મોટું પરિવર્તન એટલે ઓનલાઇન ભણતર. ઓનલાઇન ભણતર બધાં માટે એક નવું પરિમાણ છે – શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ, દરેકને સામે અલગ પડકારો છે - શિક્ષકોને ઓનલાઇન ભણાવવા માટે કરવી પડતી તૈયારીઓ અને ટેકનોલોજી સાથે અપડેટ થવું પડે છે. બાળકો માટે ઓનલાઇન ભણતરના વધુ પડતાં કલાકો તેમજ તેના કારણે તેમની આંખોને થતું નુકસાન તથા મગજ પર પડતા તણાવ અને સાથે મિત્રોની ગેરહાજરી. વાલીઓને વળી ઓનલાઇન ભણતર માટે બાળકોને આપવા પડતાં સાધનો – મોબાઇલ, લેપટોપ તેમજ ઇન્ટરનેટની વ્યવસ્થાનો પ્રશ્ન, સાથે શાળાઓ તરફથી ફીની ઉઘરાણી. જો બંને વાલીઓ વર્કિંગ હોય અને વિભક્ત કુંટુંબમાં રહેતા હોય તો બાળકને ઘરે એકલાં રહેવાની તકલીફ. ચાલો, માની લઇએ કે બાળકોના ભણતર માટે આ તકલીફ બધાં સહન કરે, પરંતુ, ભણતર સિવાયની પ્રવૃત્તિઓના ઓનલાઇન ક્લાસની વણઝાર લાગી છે – નૃત્ય, નાટક, ચિત્રકામ. શું ખરેખર, આ બધું આ સમયગાળા દરમિયાન ઓનલાઇન શીખવું જરૂરી છે? બાળકો થોડા મહિનાઓ આ બધું નહી શીખે તો શું એની જિંદગીમાં એ બહુ બધું ગુમાવી દેશે? એનો વિકાસ અટકી પડશે? આ બધી પ્રવૃતિઓ ઓનલાઇન શીખવવા માટે મા-બાપ પણ આંધુળિક્યા કરે છે. પાછા ઓનલાઇન ક્લાસવાળા એમની જગ્યા અને વીજળી કશું વપરાતું ન હોવા છતાં ફીમાં કોઇ જ ઘટાડો કરવા તૈયાર નથી. જો કોઇ વાલી ઓનલાઇન ક્લાસ કરવાની ના પડે તો બાળકને લોકડાઉન પછી ક્લાસ ચાલુ થાય ત્યારે એને પાછળની કોઇ બેચમાં મૂકી દેવાની વાત કરે, એટલે બાળકને ફરજિયાત ઓનલાઇન ક્લાસ કરાવે. દિવસમાં ત્રણ-ચાર કલાક શાળાના ઓનલાઇન ભણતર પછી એ બાળક માટે ઇત્તરપ્રવૃત્તિઓના ઓનલાઇન ક્લાસ ખરેખર એક પડકાર બની જાય છે. આ માટે ઇત્તર પ્રવૃત્તિઓના ક્લાસીસના સંચાલકોએ પૈસા કમાવવાની ઘેલછા છોડી બાળકનું ભલું વિચારવું જોઇએ. સાથે સાથે મા-બાપે પણ આ સંચાલકોની દાદાગીરી સામે ઝૂકવાના બદલે પોતાના સંતાન માટે હિતકારી પગલાં લેવા જરૂરી છે.

પ્રકૃતિ શાહ "પ્રીત", અમદાવાદ

---------------------------------------

**NG no 0041**
**વિભાગઃ ગદ્ય(કરંટ ટોપીક)**
**શીર્ષકઃ જયા પાર્વતી વ્રત**

ભારતીય સંસ્કૃતિમાં વ્રત ઉપવાસનો ખૂબ મહિમા છે. પ્રાચીનકાળથી આ પરંપરા ચાલી આવી છે અને તે આજે પણ અકબંધ છે. જેમ કે જયા પાર્વતી વ્રત..... આ વ્રત કરવાથી સારો વર મળે તેવી માન્યતા છે. મીના આજ બહું ખુશ હતી કારણકે આજથી જયાપાર્વતી વ્રતની શરૂઆત થવાની હતી. પરંતુ મીના તેના પતિનો સ્વભાવ જાણતી હતી કે તેમને કોઈ પણ કામમાં જરા પણ મોડું થાય તો ન ચાલે. ત્યારે જ મીનાના પતિ મયંકએ કહ્યું. " વ્રત ભલે કર્યા પણ મને બધું ટાઈમે જ જોઈશે . મીના એ વિચાર્યું આ વ્રત ઉપવાસ બધું સ્ત્રીઓએ જ શા માટે કરવું? શું પુરુષોને સારીજીવન સંગીનીની જરૂર નથી? આ સમાજમાં સ્ત્રીઓ માટે જ માપદંડો બનાવેલ છે .પુરુષો માટે કોઈ માપદંડ કેમ નહીં? પ્રાચીન કાળથી લઈને આજ સુધી સ્ત્રીઓ માટે તે લોકોની વિચારસરણી બદલાઈ નથી. સ્ત્રીઓએ જ ઘરની માન મર્યાદા જાણવવાની.....દેવતાઓએ પણ દેવીઓને પ્રથમ સ્થાન આપ્યું છે જે શિવ શક્તિ કહેવાય છે. તો મનુષ્ય કેમ નહીં ? મીના થયું કે સ્ત્રીને વ્રત કે ઉપવાસ વિશે કંઈ અવગણના નથી .તે તો આ કાર્ય ખૂબ ખુશી થી કરે છે પરંતુ બસ પુરુષો સ્ત્રીઓને સમક્ક?ષ રાખે તો સ્ત્રીઓએ કરેલાં વ્રત-ઉપવાસ ફળે!

નીલમ ભટ્ટ...

---------------------------------------

**સ્પર્ધા :૧**
**વિભાગ : પદ્ય /અછાંદસ**
**NG No. :-0012**
**મળેલો શબ્દ : ચહેરો**
**(ગુરુ, શુક્ર, શનિ)**
**શીર્ષક : ચહેરો**

એક ચહેરા પર બીજો ચહેરો મળે છે
સત્ય પર સદા પહેરો મળે છે
હું મારામાંથી છટકવાનો સતત
પ્રયત્ન કરું છું મિથ્યાભિમાન માથું ઊંચકે
છે ત્યારે હું હલકો પડી જાઉં છું..
ના... ના .ના...
Sorry હલકો દેખાઉં છું...!!
હૃદય ભારે થઈ જાય છે
હલકાપણાથી, આંસુનું વજન આંખો
ઊંચકી શકતી નથી હું ઢળી પડું છું
ઢગલો થઈને હવાતિયાં મારું છું
મેં જ બિછાવેલી
'હું'પણાની જાળમાંથી
મુક્તિ માટે શોધવા મથું છું મને અને
કરગરું છું મારા છકી ગયેલા સમયને
કંઈ કરતાં પાછો મળે
મને મારો ભીતરનો ચહેરો....!!!!!

- ડો. નિષાદ ઓઝા "અમન"

---------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

---------------------------------------

એડમીન પેનલ - પ્રદીપભાઈ રાવલ (તંત્રી/માલિક)
નિર્ણાયક શ્રી - જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોરભાઈ ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષભાઈ વોરા,પ્રણવ ઝાંખર

## અરવલ્લી કલેક્ટરને જીલ્લામાં

# કોરોનાની સ્થિતિ અંગે કોઈ ખબર નથીનો બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલનો સણસણતો આક્ષેપ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨૦ દિવસથી કોરોના વાયરસના કેસોમાં રોજબરોજ નવા કેસ ઉમેરાતા જાય છે.મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોના કેસો રોકેટ ગતિએ રોજબરોજ વધતા લોકો ફફડી ઉઠયા છે.સતત કોરોનાનું ઝડપથી ફેલાઈ રહેલું સંક્રમણ અટકાવવા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ નિષ્ફળ રહ્યું હોવાનું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ એટલુ ઝડપથી ફેલાય છે કે કોઈને ખબર પડતી નથી. ત્યારે સિવિલ હોસ્પિટલની માંગ સાથે જિલ્લા કલેક્ટર કચેરી સામે પ્રતીક ઉપવાસ પર બેઠેલા બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલે અરવલ્લી જીલ્લાને નિર્માણ થયેલ ૭ વર્ષ થવા આવ્યા છતાં સરકાર લોકોંને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં ઉણી ઉતરી હોવાની સાથે જીલ્લા કલેક્ટરને જીલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે ખબર ન હોવાનો આક્ષેપ કરતાં સોપો પડી ગયો હતો

બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલે જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહેતા જણાવ્યું હતું કે જીલ્લાના કોરોનાના દર્દીઓને સારવાર માટે હિંમતનગર અને અમદાવાદ મોકલવામાં આવી રહ્યા છે રાજય સરકાર અને મુખ્યમંત્રીને સવાલ પુછી જણાવ્યું હતું કે જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને ખબર નથી કે જીલ્લામાં કેટલા કેસ છે,કેટલા લોકોનું કોરોનાથી મોત થયું,જીલ્લામાં કેટલાં લોકો કોવીડ-૧૯ થી સંક્રમિત છે,જીલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે પણ ખબર ન હોવાનો સનસનાટી ભર્યો આક્ષેપ કર્યો હતો

વધુમા ધારાસભ્ય જશુંભાઈ પટેલે સરકાર પર તેજાબી પ્રહારો કરી લોકો ટેક્સ ચૂકવે છે ત્યારે તેમને સુવિધાઓ મેળવી જોઈએ પણ રાજ્ય સરકાર જીલ્લાને સુવિધા પુરી પાડવામાં અન્યાય કરી રહી છે સરકારે હાથ ઉંચા કરી દીધા છે અને સિવિલ હોસ્પિટલનું નિર્માણ નહિ થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું

# સમસ્ત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા બનાસકાંઠા દ્વારા વિજય હનુમાનજી મંદિરમાં યજ્ઞ કરવામાં આવ્યો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા દ્વારા આજ રોજ વિજય હનુમાનજી મંદિર પાલનપુરમાં માં કોરોના મહામારી થી સંક્રમિત થયેલ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભરતસિંહ સોલંકી અને વાવ વિધાનસભા ના ધારાસભ્ય ગેનીબહેન ઠાકોર તેમજ તમામ કોરોના મહામારી થી પીડિત વ્યક્તિઓ માટે મહામૃત્યુંજય ના જાપ સાથે યજ્ઞનું આયોજન કરવા માં આવ્યું ભરતસિંહ સોલંકી અને ગેનીબહેન ઠાકોર કોવિડ ૧૯ કોરોના મહામારી માંથી એકદમ સ્વસ્થ થઈ જાય અને પાછા ગુજરાત ની જનતા ની પહેલા જેવી જ સેવામાં લાગી જાય એ હેતુ થી આ મહામૃત્યુંજય ના જાપ કરી યજ્ઞ કરવા માં આવ્યો.

## પૂર્વ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના

# દીર્ઘાયુ (આરોગ્ય) માટે ધનવંત્રી યજ્ઞનું સિદ્ધપુર કોંગ્રેસ દ્વારા આયોજન કરવામાં આવ્યું

ધ્રુવ કુમાર દવે
સિદ્ધપુર



ઐતિહાસિક સિદ્ધપુર ની પાવન પવિત્ર બિંદુ સરોવર ના સાનિધ્ય માં પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના સિનિયર આગેવાન અને પૂર્વ અધ્યક્ષ માન ભરતસિંહ સોલંકી કે જેઓ કોરોના ની ભયંકર બિમારી થી લડી રહ્યા છે જેમના સારા આરોગ્ય માટે સિદ્ધપુર ધારાસભ્ય શ્રી ચંદનજી ઠાકોર સાહેબ ના આદેશ અનુસાર સિદ્ધપુર કોંગ્રેસ સમિતિ દ્વારા બિન્દુ સરોવર માં આવેલ સોમેશ્વર મહાદેવ મંદિરમાં વૈદિક મંત્રો સાથે આરોગ્યના દેવતા ધન વંત્રી ભગવાનનો હવન કરવામાં આવ્યું હતો આ પ્રસંગે યજ્ઞના આચાર્ય પદે અલ્કેશભાઈ પાધ્યા અને સિદ્ધપુર ના બ્રાહ્મણો દ્વારા કરવામાં આવ્યું. આ યજ્ઞ માં સહભાગી થવા ગુજરાત કોંગ્રેસ ના મંત્રીશ્રી ઈબ્રાહીમભાઈ ચારોલીયા, ગુજરાત મહિલા કોંગ્રેસ ના મંત્રીશ્રી જયાબેન શાહ, શહેર પ્રભારી બિપીનભાઈ દવે અને મુખ્ય યજમાન તરીકે શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખશ્રી હર્ષદભાઈ પાધ્યા બિરાજમાન હતા. તાલુકા કોંગ્રેસ, શહેર કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, અને સોશ્યિલ મીડિયા કોંગ્રેસ ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ ૧૮૧ અભયમ્ ટીમે એક ૮૦ વર્ષની નિઃસહાય વૃધ્ધ મહિલા ને આશરો અપાવ્યો




કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ તાલુકામાં ૮૦ વૃધ્ધ મહિલા ને તેમના દીકરાએ મારકૂટ કરતા મહિલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા કેશોદમાં કાર્યરત ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન માં કોઈ જાગૃત નાગરિકે ફોન કરી મદદ માંગતા કેશોદ ૧૮૧ ટીમ ના કાઉન્સેલર સંતોકબેન માવદીયા કોન્સ્ટેબલ રૂપાબેન અને પાયલોટ પ્રદિપભાઈ તુરંત સિવિલ હોસ્પિટલ પહોંચીને મહિલા ને આશ્વાસન આપ્યું ને કાઉન્સેલીંગ કરતા મહિલા એ જણાવ્યું હતું કે વૃધ્ધ મહિલા ૮૦ વર્ષ ની મહિલા ને એક જ દિકરો હતો ને મહિલા દિકરા સાથે કેશોદ માં જ રહતા હતા પરંતુ ઘણા સમયથી મહિલા ના દિકરાને જુગાર અને દારૂની લત લાગી ગઈ હતી તેથી તેમનો દીકરો નશો કરવા માટે ને જુગાર માટે પૈસા માંગતો હતો અને મહિલા પૈસા ના આપતા ઘરમાં તોડફોડ કરી ને દિકરો મારકૂટ કરી પૈસા જટી જતો અને નશામાં ધૂત બની ફરી મારકૂટ કરી ઘર બહાર કાઢી મૂકવામાં આવતા અને મહિલા ને વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપે છે આજે મહિલા ને મારકૂટ કરતા મહિલા ને ઈજા પહોંચી હતી તેથી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થયા હતા અને મહિલા દિકરા ના ત્રાસ થી કંટાળી ગયા હતા પંરતુ મહિલા પાસે કોઈ રહેવા માટે ઘર ન હોય કે કોઈ આધાર ન હતો તેથી નિઃસહાય વૃધ્ધ મહિલા ને તેમના બહેન નો આશરો લેવો પડ્યો હતો મહિલા દિકરા પર કેસ દાખલ કરવા માંગતા ન હતા તેથી મહિલા થોડા દિવસ સુધી તેમની બહેન ના ઘરે રહેવા માંગતા હોવાથી ૧૮૧ ટીમે દ્વારા વૃધ્ધ મહિલા ને તેમની બહેન ના આશરે મુકવામાં આવ્યા હતા.

## લુણાવાડાના બે શખ્શોની ધરપકડ

# માલપુર પોલીસે કારમાં કતલખાને લઈ જવાતા ત્રણ પશુઓને બચાવી લીધા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉન અનલોક થતાની સાથે પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરી કતલખાને લઈ જવા કસાઈઓ અધીરા બન્યા છે પશુઓની હેરાફેરીમાં તગડો નફો રહ્યો હોવાથી કસાઈઓ કારમાં પશુઓની હેરાફેરી કરી કતલખાને ઘુસાડી રહ્યા છે ત્યારે માલપુરના ચોરીવાડ પાસે થી કારમાં ક્રૂરતાપૂર્વક બાંધી ૩ પશુઓને કતલખાને લઈ જવાતા હતા. જેને માલપુર પોલીસે ઝડપી લઈ લુણાવાડાના બે શખ્શો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.માલપુર પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમે માલપુર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા ચોરીવાડા ગામ નજીક ગાડીમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાની ગાડીમાં ખીચોખીચ ક્રૂરતાપૂર્વક પાડાઓ માટે ઘાસચારો કે પાણીની વ્યવસ્થા નહી રાખી કતલખાને લઈ જવાતા હતા.જેથી પોલીસે ગાડીમાંથી ૩ નંગ પાડાઓ જેની કિંમત રૂ.૧૫ હજાર તથા ગાડી ની કિંમત રૂ.૩ લાખ મળી કુલ રૂપિયા ૩.૧૫ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી લીધા હતા.આ અંગે માલપુર પોલીસ સ્ટેશનમાં આરોપી વસીમભાઈ યુનુસભાઈ માલવણીયા અને સલમાન નિસાર અનારવાલા(બંને રહે. લુણાવાડા,જી.મહિસાગર)સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

# માણાવદરમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણમાં વિનામૂલ્યે ઈન્ટરનેટ આપવા માંગણી

(જીજ્ઞેશ પટેલ દ્વારા )



હાલમાં કોરોના વાયરસને કારણે બધી બાજુ વાલી તથા વિદ્યાર્થીઓની માઠી બેઠી છે. ત્યારે હાલ ઓનલાઇન શિક્ષણ આપવાની પધ્ધતિ થી વધુ કફોડી સ્થિતિ માં વાલીઓ તથા વિદ્યાર્થીઓ મુકાયા છે હાલમાં મોબાઇલ માં ઓનલાઇન શિક્ષણ શરૂ તો કરવામાં આવ્યું છે પરંતુ તેની સૌથી ખરાબ અસર શારીરિક તથા આર્થિક રીતે થઇ છે.

ઘણા બધા પરિવારો પાસે ફોરજી મોબાઇલ નથી જેથી અભ્યાસ અધુરો રહે છે. ઉપરથી માનસિક તણાવ વધે છે જેની અસર વિદ્યાર્થીઓ ઉપર ખરાબ પડે છે રોજગાર ધંધા , નોકરીની આવકો પણ બંધ થતા તેમા મધ્યમ અને ગરીબ વર્ગ ને કોઈ રીતે પરવડે તેમ નથી .જેથી વાલીઓને વિદ્યાર્થીઓના ભાવિ ની ચિંતા કોરી ખાય છે. અને જાયે તો જાયે કહા ? એવી સ્થિતિમાં વાલીઓ મુકાયા છે. મોબાઈલમાં સ્ક્રીન નાની હોય છે જેથી અભ્યાસ માટે અક્ષર નાના દેખાતા હોય વિદ્યાર્થીઓની આંખોને પણ નુકશાન થાય છે. જેથી તાકીદે વિદ્યાર્થીઓને ટેબલેટ સાથે વિનામૂલ્યે ઈન્ટરનેટ મળે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવે તેવી માણાવદર ના વાલીઓમાં પ્રબળ માંગણી ઉઠવા પામી છે

તસ્વીર - જયદીપ બરવાડીયા ,અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# પાતળીયા ગામમાં સરપંચ કે તલાટી હાજર ના રહેવાની ફરીયાદો ઉઠવા પામી

દાંતા તાલુકામાં આવેલાં પાતળીયા ગામમાં ઘણાં સમયથી ગ્રામ પંચાયતમાં સરપંચ કે તલાટી હાજર નથી રહેતા અને ગ્રામ પંચાયતમાં ખંભાતી તાળાં ઘણા સમયથી લાગેલા જોવા મળતા ગામ લોકોના નથી થતા કામ અને તેમને ધર્મના ધક્કા ખાવાના વારા આવ્યા છે ગ્રામ પંચાયતમાં સરપંચ કે તલાટી હાજર ના રહેવાની ફરીયાદો તો ઉઠી છે પણ તેની સાથે સરપંચ પણ ફોન ઉપાડવામાં તકલીફ પડી રહી છે ત્યારે ગામના લોકોને કામ માટે ખુબજ મુશ્કેલી પડી રહી છે અને સરકારી યોજનાઓ ના કામો કોન્ટ્રાક્ટ દ્વાર કરવામાં આવેલા કામોમાં પણ સરપંચ અને તલાટી દ્વારા મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે તેવી ગ્રામ જનોના મુખે ચર્ચાઓ થઈ રહી છે સરકારી યોજનાઓ ના કામો કોન્ટ્રાક્ટ દ્વાર કરવામાં આવ્યા છે તેની તપાસ તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવે તેવી ગ્રામ જનોની માંગ ઉઠવા પામી રહી છે તાલુકા વિકાસ અધિકારી હવે કેટલાં દિવસમા યોગ્ય તપાસ કરે તે જોવાનું રહ્યું.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું આયોજન મંજૂર કરવામાં આવ્યું

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૧૨ : દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું આયોજન મંજૂર કરવામાં આવ્યું છે. જે મુજબ દાહોદ તાલુકાના કુલ ૨૦૪ કામો માટે રૂ. ૧૨૫ લાખ ની રકમની જોગવાઇ કરવામાં આવી છે. જયારે ગરબાડા તાલુકાના ૧૬૯ કામો માટે રૂ. ૧૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. લીમખેડા તાલુકામાં કુલ ૧૦૩ કામો માટે રૂ. ૧૨૫ લાખની રકમની જોગવાઇ કરવામાં આવી છે. સીગવડ તાલુકામાં કુલ ૮૧ કામો માટે રૂ. ૧૨૫ લાખની રકમ ફાળવવામાં આવી છે. ધાનપુર તાલુકા માટે કુલ ૧૯૬ કામો માટે રૂ. ૧૨૫ લાખની રકમની જોગવાઇ કરવામાં આવી છે. દેવગઢ બારીયા તાલુકા માટે કુલ ૨૦૯ કામો માટે ૧૨૫ લાખની રકમની જોગવાઇ કરવામાં આવી છે. ઝાલોદ તાલુકા માટે કુલ ૧૩૭ કામો માટે રૂ. ૧૨૫ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે. ફતેપુરા તાલુકામાં કુલ ૧૪૬ કામો માટે રૂ. ૧૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જયારે સંજેલી તાલુકામાં કુલ ૧૧૩ કામો માટે રૂ. ૧૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આમ દાહોદ જિલ્લામાં કુલ ૧૩૫૮ વિકાસ કાર્યો માટે રૂ. ૧૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## અરવલ્લીના ૬૪ ગામો કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્ત કરાયા

# મોડાસા શહેરના ૨૪ અને બાયડના ૨ વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી બહાર




અરવલ્લી બ્યુરો મોડાસા

રવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળતા ૨૫૦થી વધુ કેસ નોંધાયા છે. જેને લઇ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ જે વિસ્તારોમાં કોરોનાના પ્રભાવ ઓછો થયો છે તેવા જિલ્લાના ૬૪ ગામો અને ૨૬ શહેરી વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્ત કરાયા છે. કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરે જિલ્લામાં ૧૮૦થી વધુ નિયંત્રિત વિસ્તાર નક્કી કર્યા હતા, આવા વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો આવ્યા હતા. આ વિસ્તારોમાં ૨૮ દિવસ સુધી આરોગ્ય વિભાગ દ્વારા લોકોના ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને આવશ્યક ચીજવસ્તુઓની હોમ ડિલીવરી થાય તેના પર ખાસ ભાર મુકાયો છે.જેમાં જિલ્લાના કોરોના પ્રભાવ ઓછો છે તેવા બાયડ તાલુકાના ૭, ભિલોડાના ૧૪,ધનસુરાના ૧૨, મેઘરજના ૯, માલપુરના ૨ અને મોડાસાના ૨૦ મળી કુલ ૬૪ ગામોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્તિ આપવામાં આવી છે. જયારે બાયડ શહેરના ૨ અને મોડાસા શહેરના ૨૪ વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી બહાર મુકવામાં આવ્યા છે.

# અરવલ્લીની બદનસીબી સિવિલ હોસ્પિટલ તો છોડો... ICU ઓન વ્હીલ એમ્બ્યૂલન્સ પણ નથી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાની રચનાને ૬ વર્ષનો સમય વિતી ગયો પણ સિવિલનું કામ ક્યાંથી ક્યાં પહોંચ્યું તેમાં કોઈને ક્યાંય ખ્યાલ જ નથી. હાલ કોરોનાની મહામારી વચ્ચે પોઝિટિવ કેસ વધવાની સાથે મૃત્યુઆંકમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. સિવિલ બનાવવાની માંગ હવે ઉગ્ર બની છે, જનતાની ચિંતા કરવા અન્ય પક્ષ આગળ આવ્યો હોય કે ન આવ્યો હોય પણ સિવિલની માંગ સાથે કોંગ્રેસે મોરચો સંભાળી લીધો છે. પણ સિવિલ ક્યારે મળશે તે અંગે હજુ યક્ષ પ્રશ્ન છે. કોરોના દર્દીઓની સ્થિતિ ગંભીર બનતાં હિંમતનગર ખસેડવા માટે ICU ઓન વ્હીલ જેવી એમ્બ્યુલન્સ પણ ન હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે સાથે લોકો આરોગ્ય તંત્રની નિષ્ફળ કામગીરી સામે અનેક ચર્ચાઓ ચાલી રહી છે જેમાં આરોગ્ય વિભાગને ખ્યાલ નહિ હોય કે ઈમરજન્સી માટે આઈસીયુ ઓન વ્હીલ જેવું એક વાહન આવે છે, જે દર્દી માટે ખૂબ જ ઉપયોગી બની શકે એમ છે ની ટીખળ પણ લોકો કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા કેસ વચ્ચે દર્દીઓને રિફર કરવા માટે યોગ્ય વ્યવસ્થા નથી, પણ આરોગ્ય વિભાગના મોટા મોટા તબીબોને જરાય ખ્યાલ ન આવ્યો કે, આઈસીયુ ઓન વ્હીલ જેવી એક વ્યવસ્થા છે, જે કોરોના પોઝિટિવ દર્દીઓ માટે આશિર્વાદ રૂપ સાબિત થઈ શકે. પણ ના, વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત કે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ આઈસીયુ ઓન વ્હીલની જાણકારીથી કેમ દૂર રહી તે પણ આંખે ખૂંચતો સવાલ છે. અરવલ્લી જિલ્લામાં સિવિલ કોણ જાણે ક્યારે મળશે તે કહેવું મુશ્કેલ છે, પણ ઉચ્ચ આઈસીયુ ઓન વ્હીલ ની વ્યવસ્થા કરાવી દે તો પણ જિલ્લાની જનતા માટે આશિર્વાદ રૂપ સાબિત થઈ શકે એમ છે, પણ જાણે કોઈને કંઈ જ રસ ન હોય તેવું લાગી રહ્યું છે. સાહેબ તમે જે જગ્યાએ કામ કરો છો, ત્યાંની જતના તમારા દેશની અને તમારા જ રાજ્યની છે. સાહેબ, કોરોના અથવા અન્ય બિમારીથી જેનો પરિવાર વિખૂટો પડ્યો છે, તેના ઘરે જઈને જરા પૂછજો તો ખરા, તમારા પગ તળેથી જમીન ખસી જશે. કોઈ મા, તો કોઈએ પિતાની છત્રછાયા આવા સ્વાસ્થ્ય સુવિધાના અભાવે ગુમાવી દીધી, હવે તો બસ કરો.

શું છે આઈસીયુ ઓન વ્હીલ ...કઈ રીતે ગંભીર દર્દીઓ માટે આશીર્વાદ રૂપ છે

આઈસીયુ ઓન વ્હીલ એક એવી વ્યવસ્થા છે કે, ઈમર્જન્સીમાં દર્દીઓન બીજી જગ્યાએ રીફર કરવામાં કોઈ જ અગવડ ન પડે અને વેન્ટિલેટર તેમજ ઓક્સિજન સહિતની સુવિધા આઈસીયુ ઓન વ્હીલમાં મળી શકે, સામાન્ય રીતે આઈસીયુ ઓન વ્હીલમાં વેન્ટિલેટર, મોનિટર, એ.સી., ઈન્ફ્યુઝન પંપ, ઓક્સિઝન, ઈમર્જન્સી દવાની કીટ, ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હોય છે, જેની કિંમત પણ અત્યાર સુધીમાં મળેલી ગ્રાન્ટમાંથી આવી શકત. સવાલ એ થાય છે કે, આરોગ્ય વિભાગ તો કોરોનાના સંક્રમણથી વેન્ટિલેટર પર છે, પણ બીજા મોટા સાહેબોને આઈસીયુઓન વ્હીલનો વિચાર જરાય ન આવ્યો? કે પછી આરોગ્ય વિભાગને ખ્યાલ જ ન રહ્યો સહિતની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# સિધ્ધપુર તાલુકાના ધુમ્મડ ગામે પ્રાથમિક શિક્ષણનો નવતર પ્રયોગ

સિધ્ધપુર તાલુકાના ધુમ્મડ ગામે ૯ જુલાઈ ના રોજ બીઆરસી કો ઓર્ડીનેટર સિધ્ધપુર તેમજ સી.આર.સી.કો-ઓર્ડીનેટર તાલુકાના કાકોશી ની ધુમ્મડ પ્રાથમિક શાળાની હોમ લર્નિંગ અંતર્ગત મુલાકાત લેવામાં આવેલ હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત શાળાના મુખ્ય શિક્ષકોના તેમજ શિક્ષક મિત્રો દ્વારા હોમ લર્નિંગ કાર્યક્રમ નો નવતર પ્રયાસ કરવામાં આવેલ જેમાં શાળાના મુખ્ય શિક્ષક ની સુચના અનુસાર શિક્ષકો દ્વારા ધોરણ એક થી ૮માં અભ્યાસ કરતા કેટલા બાળકો ના વાલીઓ પાસે ટીવી તેમજ મોબાઈલ છે તેનો સર્વે કરવામાં આવેલ સર્વેના આધારે ગામ માં ૭૦% વાલીઓ પાસે ટીવી કે એન્ડ્રોઇડ મોબાઈલ નથી તેમ જાણવા મળેલ તો આવા વાલીઓના બાળકો જે શાળામાં અભ્યાસ કરે છે તેમનું હોમ લર્નિંગ શિક્ષણ બિલકુલ થઈ શકતું ન હતું તો આ બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પરિવાર એસ.એમ.સી અને સરપંચ દ્વારા ગામના મંદિરમાં ટીવી, ડીશ એન્ટેના ની વ્યવસ્થા ઉભી કરવામાં આવી અને કોરોના ની સરકાર ની ગાઈડલાઈન મુજબ મુખ્ય શિક્ષક દ્વારા હોમ લર્નિંગ કાર્યક્રમ નિહાળવા આવનાર તમામ બાળકો માટે માસ્ક તેમજ સેનેટાઈઝર ની વ્યવસ્થા ઉપલબ્ધ કરેલ હતી સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે રાઉન્ડ કરી દરેક બાળકો વચ્ચે યોગ્ય સામાજિક અંતર જળવાઈ રહે તેવી સુંદર વ્યવસ્થા સરકારના શિક્ષણ વિભાગના હોમલેન્ડ કાર્યક્રમ તેમજ જિલ્લા કક્ષાએથી આ કાર્યક્રમ માટે મળેલ વખતો વખતની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરીને ટીવી કે મોબાઈલ ન ધરાવતા બાળકો ઘરે બેસી શિક્ષણ થી વંચિત ન રહે તે માટે શાળા પરિવાર દ્વારા તેમજ ગામ લોકોના સહયોગથી એક નવતર પ્રયોગ કરી બાળકોની શિક્ષણ ની ગતિ અટકે નહીં તે માટેનું સુંદર આયોજન કરવા માં આવ્યું હતું જે સમગ્ર સિધ્ધપુર તાલુકા માટે એક ઉત્તમ ઉદાહરણ છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.